શ્રીજૈનશ્વે૦ મુ૦ પૂ૦ બોર્ડીંગના હિતાર્થે પ્રગટ થતું Registered No. B. 876.

# बुद्धिप्रभा.

# BUDHI PRABHA.

( ધાર્મિક–સામાજીક–સાહિત્ય–નૈતિક વિષયોને ચર્ચતું માસિક. )

સંપાદક–મણીલાલ મોહનલાલ પાદરાકર.

पुस्तक ७ मुं. सप्टेम्बर १९१५. वीर संवत २४४१. अंक ६ ट्ठो.

## વિષયદર્શન.

વિષય. લેખક. પૃષ્ઠ.

૧. કાવ્ય. ... ... ... ... ... ... ... ... ૧૬૧
૨. શ્રી જીનવિજય ગણી (રા. રા. વકીલ નંદલાલ લલ્લુભાઇ) ... ... ૧૬૨
૩. જાપાનની આશ્ચર્યકારક ઉન્નતિ. ... ... ... ... ...
૪. સાવિત્રી. (રા. રા. ત્રીભોવનદાસ દલપતભાઇ વકીલ. બી. એ. એલ. એલ. બી.) ૧૬૫
૫. જયણા. (શેઠ મોહનલાલ લલ્લુભાઇ તાલુકદાર સૅટલમેન્ટ શીરસ્તેદાર.) ૧૭૦
૬. મિતવ્યયિતા (કરકસર) (કાંતીલાલ અમૃતલાલ શાહ) ... ... ... ૧૭૨
૭. શ્રી શ્રેયસ્કર મંડળ તરફથી જૈન શાળોપયોગી શિક્ષણક્રમની થએલી વ્યવસ્થા અને તત્સંબંધ સ્વાભિપ્રાયે સુધારો. ... ... ... ... ... ૧૭૮
૮. અમારી નોંધ. ... ... ... ... ... ... ... ૧૮૦
૯. જૈન શાળાપયોગી શિક્ષણક્રમ તથા તે બાબત કેટલીએક સુચનાઓ (જૈનશ્રેયસ્કર મંડળ)૧૮૨
૧૦. પ્રેમઘેલા પ્રવાસિનું પવિત્ર જીવન ... ... ... ... ... ૧૮૬
૧૧. પાંચમી સાહિત્ય પરિષદમાં શ્વેતાંબર આમ્નાયના આવેલા ગ્રંથોનું લીસ્ટ. ... ૧૮૯
૧૨. મહામંગળકારી પર્યુષણ પર્વ આરાધન.... ... ... ... ... ૧૯૧
૧૩. કાવ્યકુંજ–સ્વાત્મ પ્રબોધ સપ્તક. ... ... ... ... ... ૧૯૨

શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ તરફથી
પ્રકાશક અને વ્યવસ્થાપક,
શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.
નાગોરીસરાહ–અમદાવાદ

લવાજમ–વર્ષ એકનો રૂ. ૧–૪–૦ સ્થાનિક ૧–૦–૦ છુટક દર એક નકલના બે આના.

અમદાવાદ ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

સ્થાપન સન ૧૮૬૯ સંવત ૧૯૨૫.

જુનામાં જુની ( ૪૬ વરસની ) શાખા.

# જૈનધર્મનાં પુસ્તકો કીફાયત કિમ્મતથી વેચનાર.

અમારે ત્યાં મુંબઇ, ભાવગર તથા અત્રેનાં છાપેલાં દરેક જાતનાં જૈનધર્મનાં તથા સાર્વજનિક પુસ્તકો જૈનશાળા લાયબ્રેરીઓ વગેરે દરેક સંસ્થાઓને ઘણીજ કિફાયત કિમ્મતથી વેચવામાં આવે છે. વિગત સારૂ અમારૂં મોટું કયાટલૉક આવૃત્તિ છઠ્ઠી પૃષ્ઠ ૧૦૦ નું અર્ધા આનાની ટીકીટ બીડી નીચેના શીરનામે મંગાવો.

લી. બાલાભાઈ છગનલાલ શાહ.

પુસ્તકો વેચનાર તથા પ્રગટ કરનાર, ઠે. ફીકાભટની પોળ—અમદાવાદ.

---

## આખરે વિજય મળ્યો.

**હીસ્ટીરીઆ ( તાણ ) ના દરદને કોણ જાણતું નથી ?**

**હીસ્ટીરીઆ** નાની ઉમરની સ્ત્રીઓને ઘણો લાગુ પડે છે. હીસ્ટીરીઆના દરદનાં મૂળ કારણ શોધી કાઢી તેના ઉપાયો ઘણા દરદીઓ ઉપર અજમાવી અમે ખાત્રી કરી છે કે હીસ્ટીરીઆનું દરદ પૂરી રીતે મટી શકે છે. હીસ્ટીરીયા ભૂત નથી.

**હીસ્ટીરીઆના** દરદ ઉપર બીજા ઉપાયો અજમાવ્યા પહેલાં અમારી સલાહ લ્યો.

**હીસ્ટીરીઆનું** દરદ અમે ખાત્રીપૂર્વક ગેરેંટીથી મટાડીએ છીએ. વિશેષ હકીકતનો ખુલાસો રૂબરૂ પત્ર મારફતે કરો.

લી. શા. વાડીલાલ ડાહ્યાભાઇ.

અમદાવાદ. ( ઝવેરીવાડ. )

સુરજમલનું ડહેલું, આયુર્વેદ સિદ્ધૌષધાલય.

---

તા. ક.—**સ્વીકાર અને સમાલોચના હવે પછી.**

## બોર્ડીંગ પ્રકરણ.

### શ્રી બક્ષિશ ખાતે.

૫—૦—૦ રા. રા. પ્રભુદાસ ચાંપશીના સ્મર્ણાર્થે હસ્તે ગોકળભાઇ સાંકળચંદ અમદાવાદ ફતાસાની પોળ.

૧—૦—૦ રા. રા. ડાહ્યાભાઈ મોતીચંદ. અમદાવાદ. સારંગપુર તળીઆની પોળ.

૩—૦—૦ બોર્ડીંગના વિદ્યાર્થી જેઠાલાલ ચુનીલાલ. રહેવાશી ખેડા. હાલ સાદરા.

૯—૦—૦

### જમણ.

અત્રેના ઝવેરીવાડાના રા. રા. ઝવેરી મોહલ્લાલ ચુનીલાલ તરફથી દુધપાક પુરીનું બોર્ડીંગમાં જમણ આપવામાં આવ્યું હતું.

ફીકાભટની પોળવાળા—શેઠ કેશવલાલ ધરમચંદને ઘેર તેમની ટોળીની વતી. મહાવીર સ્વામીના જન્મના દિવસે વિદ્યાર્થીઓને જમણ આપવામાં આવ્યું હતું.

# बुद्धिप्रभा.

( The Light of Reason )

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रद्योतकम् ।
सत्यासत्यविवेकदं भवभयभ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं ' बुद्धिप्रभा ' मासिकम् ॥

વર્ષ ૭ મું.] તા. ૧૫ સપ્ટેમ્બર, સને ૧૯૧૫. [અંક ૬ ઠ્ઠો.


## काव्य.

થશે શક્તિ થકી સિદ્ધિ—એ ટેક.

ભણ્યાથી શું ! ગણ્યાથી શું ? નથી શક્તિ વિના ભક્તિ;
વિચારીને વિચારો એ, થશે શક્તિ થકી સિદ્ધિ. ૧

ઉપાયો સર્વ અવલમ્બી, જગાવો શક્તિ અન્તર્માં;
મહા દુઃસાધ્ય કાર્યોની, થશે શક્તિ થકી સિદ્ધિ. ૨

જગત્માં શક્તિ પૂજાતી, ચમત્કારો થતા એથી;
કરી નિશ્ચય કરો કાર્યો, થશે શક્તિ થકી સિદ્ધિ. ૩

થયા જે શક્તિથી શકતો, ગણાયા દેવ કોટીમાં;
કર્યા સંકલ્પની નક્કી, થશે શક્તિ થકી સિદ્ધિ. ૪

સદા પરમાર્થ કાર્યોમાં, સદા વ્યવહાર નિશ્ચયમાં;
નિજાત્માની પ્રગતિ કરવા, થશે શક્તિ થકી સિદ્ધિ. ૫

સમગ્ર વિશ્વ દેશોની, સમગ્ર વિશ્વ કોમોની;
સદા સત્યોન્નતિ કરવા, થશે શક્તિ થકી સિદ્ધિ. ૬

સમસ્ત વિશ્વ ધર્મોના, ખરેખર સદ્વિચારોની;
પ્રચારક યુક્તિયો રચવા, થશે શક્તિ થકી સિદ્ધિ. ૭

અવક્રાન્તિ પર્યો હરવા, શુભોત્ક્રાન્તિ સદા કરવા;
બુદ્ધયબ્ધિ ધર્મ છે તત્ત એ, થશે શક્તિ થકી સિદ્ધિ. ૮

# श्री जिनविजयगणी.

( અનુસંધાન ગતાંક પૃષ્ટ ૧૩૬ થી. )

શુદ્ધાત્મ બળવાળા જીવોજ આત્મજ્ઞાનના ઉંચ પ્રદેશમાં પોતાની મુસાફરી કરી શકે છે, એ વાત તેમના શરૂઆતના વૈરાગ્યથી તે છેવટ સુધી જણાઇ આવે છે, અને મોહ રાજાને જીતવાને શુદ્ધાત્મ બળનીજ જરૂર છે એ ભાવ એમણે શ્રી આદિશ્વર ભગવંતના સ્તવનમાં જણાવેલો છે. શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ કરવાનું નિમિત્ત જીનાગમ અને જીનબિંબની સેવનાજ આ પંચમ કાળમાં પ્રાણીઓને આધારભૂત છે. જીન આગમનું શ્રવણ કરવું અને તેનો અભ્યાસ કરવો અને તે નિયમને અનુસરી આપણું પોતાનું સ્વરૂપ ઓળખી સ્વસત્તા પ્રકટ કરવી એજ કૃતીતાર્થ છે, અને એજ ભાવ આપણા ચરિત્રના નાયકની કૃતિઓ પ્રગટ કરે છે. ને તેમાં તેઓ કેટલે અંશે ફતેહમંદ થયા છે એ આપણને સ્પષ્ટ સમજાય છે. જીનાગમ અને જીનબિંબના સેવનથી સ્વસ્વરૂપ પ્રકટ કરવાનું છે, એ ભાવનું જાણપણું જેમ જેમ આપણામાં વધશે તેમ તેમ આપણે વર્તમાન સ્થિતિમાં છીએ તેથી આગળ વધીશું એ નિઃસંશય છે.

શ્રી જિનવિજયજીએ પોતાના ગુરૂ અને દાદાગુરૂનાં ચરિત્રો રાસના આકારે ગુંથેલાં છે એમ આપણે ઉપર જોઇ ગયા, અને એજ રીતિએ શ્રી ઉત્તમવિજયજીએ પોતાના ગુરૂનું ચરિત્ર લખેલું છે. અને પંડિત ઉત્તમવિજયનું ચરિત્ર તેમના શિષ્ય શ્રી પદ્મવિજયજીએ લખેલું છે. શ્રી પદ્મવિજયજીનું ચરિત્ર તેમના શિષ્ય શ્રી રૂપવિજયજીએ લખેલું છે એ રીતિનું અનુકરણ વર્તમાનમાં થવાની જરૂર છે. પોતાના ગુરૂનું ચરિત્ર જેટલું તેમના શિષ્યના જાણ-વામાં આવે તેટલું બીજાના જાણવામાં આવવાનો સંભવ કમતી છે. તેઓને પોતાના ગુરૂ ચરિત્ર લખે તો તેથી ગુરૂભક્તિ તરીકેની તેમની ફરજ અદા થાય છે, અને તેથી ભવિષ્યની પ્રજાને ઘણો ફાયદો થાય છે.

વર્તમાનમાં જયંતિઓ ઉજવવાની શરૂઆત થઇ છે. એ જયંતિઓ ઘણા ભાગે તેમના શિષ્યો ચોમાસું રહેલા હોય છે અથવા જે સ્થળ ઉપર તેમના શિષ્યોનો પ્રત્યક્ષ કે આડ-કતરી રીતે સંબંધ હોય છે ત્યાં ઉજવાય છે. અને તે થોડા કાળ સુધીજ ચાલે છે. જયંતિ નિમિત્તે ગુણોનું વર્ણન થાય છે અને તે પૃથક્ પૃથક્ છાપાઓમાં છપાઇ જાય છે પણ તેનો સંગ્રહ થઇને તે ચરિત્રના આકારમાં પ્રગટ થયા સિવાય તે ભાવિપ્રજાને ઉપયોગી થવાનો સંભવ કમતી છે. જ્યારે જયંતિઓ ઉજવવાનો પ્રયાસ થાય છે, અને તે વખતે ઉક્ત મહાત્મા-ઓના ગુણાનુવાદ કરવામાં આવે છે તો પછી તેમનાં સત્ય ચરિત્રો જો વિવેચનસહ લખાઇ પ્રકટ કરવાનો પ્રયાસ કરવામાં આવે તો તે કેટલો બધો ફાયદો નિવડશે તે ધ્યાનમાં લેવા જેવું છે. કાળાંતરે પુસ્તકના આકારમાં બહાર પડેલાં ચરિત્રોજ જળવાઇ રહેશે.

**વકીલ નંદલાલ લલ્લુભાઇ.**

# जापाननी आश्चर्यकारक उन्नति.

( અનુસંધાન અંક ત્રીજાના પૃષ્ઠ ૭૩ થી. )

" Knowledge is power "—જ્ઞાન-એ મહા શક્તિ છે.

**જાપાન**માં થયેલાં બધાં પરિવર્તનોમાં સર્વથી મહત્વનું શિક્ષણનું પરિવર્તન હતું. રાષ્ટ્રને જે સમયે જેવા પ્રકારનું શિક્ષણ જોઇએ—જનસમાજમાં જીવન વ્યવહાર—અને અપાતા શિક્ષણની એકતા થઈ શકે, અને રાષ્ટ્રનો પાયો શારીરિક અને માનસિક મજબુત થઇ શકે, એવા આવશ્યક શિક્ષણનીજ જરૂર છે. અને એવા શિક્ષણ વિના પ્રજાની અગર રાષ્ટ્રની ખરેખરી ઉન્નતિ થવી અશક્યજ છે. જે સમયે 'મુત્સુહીટો' બાદશાહ સિંહાસનારૂઢ હતો, તે વખતે ઘણાજ થોડા માણસોને શિક્ષણ લેવા દેવાની આજ્ઞા હતી, ને સ્ત્રીઓને ભણવાનો તો સખ્ત પ્રતિબંધ હતો. જે શિક્ષણથી કાંઇ ધન કમાઈ શકાય—એવા શિક્ષણ તરફ ઉચ્ચ જાતિઓ તો ઘૃણા—તિરસ્કારની નજરેજ જોતી હતી. તે લોકોનું જ્ઞાન—અને તેની પરિભાષિ—થોડી કવિતાઓ રચવી—અને સાહિત્ય—શાસ્ત્રનું થોડુંક જ્ઞાન મેળવું, એટલામાંજ હતી હતી. અને તેટલું તો ઘણુંજ ગણાતું. સાધારણ રીતેજ નીચ જાતિઓ તો વાંચતાં લખતાં પણ જાણતી નહિ. નવા યુગમાં જે વખતે શિક્ષણ પ્રણાલિકા ચાલુ કરવામાં આવી તે વખતે, સમગ્ર જાપાન દેશમાં શિક્ષણનો અભાવજ હતો એમ કહીશું તો ચાલશે. તો પણ દીર્ઘદ્રષ્ટિ સુધારકોને તો આશા હતી કે, **"એક સમય એવો આવશે કે જાપાનમાં એક પણ કુટુંબ અશિક્ષિત રહેશે નહિ." શિક્ષણ વિના કોઈ પણ રાષ્ટ્ર, કદિ પણ ઉન્નતિના શિખરે પહોંચી શકનાર નથી એમ ચોક્કસ લાગવાથી ગરીબો—કારીગરો અને સ્ત્રીઓને શિક્ષણ આપવાનું કામ પ્રથમજ ઘણું મુદ્દાનું કર્તવ્ય જણાયું. અને ત્યારથી તે આજ સુધીમાં જાપાન આ ઉદ્દેશ કદિ પણ ભુલ્યું નથી.** સને ૧૯૧૨ માં આ કલંક જાપાનને માથેથી તદન ભુસાઈ ગયું. **જાપાનમાં એક પણ મનુષ્ય અભણ નથી.** ધીરે ધીરે શિક્ષણ પ્રણાલિકા બદલાતી ગઇ. એક પ્રણાલિકા એવી પ્રતિબદ્ધ કરવામાં આવી કે, સાહિત્યનું શિક્ષણ, ઉદ્યોગ—ધંધાનું શિક્ષણ, કલાકૌશલ્યનું શિક્ષણ, કારીગરીનું શિક્ષણ, વ્યાપાર—જ્ઞાન વિજ્ઞાન ને શારીરિક શિક્ષણ પૂરતી છુટથી સૌને આપવામાં આવવા લાગ્યાં. સૌને તે શિક્ષણ લેવાની ફરજ પાડવામાં આવી. પ્રારંભીક શિક્ષણથી માંડીને ઉચ્ચમાં ઉચ્ચ શિક્ષણ જાપાનમાં આપવાનું શરૂ થઇ ગયું. તેમાં પણ મુખ્યત્વે કરીને શારીરિક અને નૈતિક શિક્ષણ પર વિશેષ લક્ષ આપવામાં આવતુ હતું. છોકરાઓ અને બાળાઓ ૭ વર્ષની ઉમ્મરથી માંડીને ૧૪ વર્ષની ઉમ્મર થતાં સુધીમાં તેમને ૭ વર્ષ સુધી તો પ્રાથમિક કેળવણી મફત અને ફરજીઆત આપવામાં આવે છે. ( જે પ્રણાલિકા ના. ગાયકવાડ સરકારના રાજ્યમાં પૂર જોસથી કામ કરી રહી છે. ) આ કાયદો એટલો બધો મજબુતીથી અમલમાં આવ્યો છે કે, સને ૧૯૦૯—૧૦ માં **૩૮,૫૬,૯૫૭** છોકરાઓ ને **૩૪,૬૧,૪૪૨** છોકરીઓ, એટલે કુલ ૭૩,૧૯,૨૯૯ બાળકો—કે જેમની અવસ્થા શાળામાં જવા જેવી હતી તેઓ શાળામાં જતાં હતાં. અને આ વર્ષમાં બાળકોની એકંદર ૨૬,૩૮૬ પ્રારંભીક શાળાઓ હતી.

પ્રારંભીક શિક્ષણની બે શ્રેણિઓ બનાવવામાં આવી છે સાધારણ અને ઉચ્ચ. ૭ વર્ષ સુધી શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ, કોઇ વિદ્યાર્થીની ઇચ્છા હોય તો બીજાં ત્રણ વર્ષ સુધી શિક્ષણ ક્રમ વધુ આગળ–ઉચ્ચા દરજ્જાનો ચાલુ રાખવામાં આવે છે. છોકરાઓની મિડલ સ્કુલોમાં અને છોકરીઓને હાઇસ્કુલોમાં ઉચ્ચ શિક્ષણ આપવામાં આવે છે. ઉચ્ચ શિક્ષણ માટે છોકરાઓને ચાર વર્ષ અને છોકરીઓને પાંચ વર્ષ અભ્યાસ કરવો પડે છે, છતાં તેમની પણ ઇચ્છા હોય તો તેમનો શિક્ષણ કાળ લંબાવી શકાય છે. સને ૧૯૧૨ માં ૨૯૪ મિડલ અને ૭ બ્રાંચ સ્કુલો હતી. ૧૯૦૭ માં ૧૧૦૮૭૬ વિદ્યાર્થીઓ સરકારી અને ખાનગી મિડલ સ્કુલોમાં અભ્યાસ કરી રહ્યા હતા. જેમાં ૫૪૨૬ શિક્ષકો રોકાયા હતા. હાલની ગણત્રી પ્રમાણે છોકરીઓની હાઇસ્કુલો ૧૬૦ છે. છોકરાઓ તેથી પણ ઉંચી કેળવણી મેળવવા ઇચ્છતા હોય તો તેઓ હાઇસ્કુલોમાં જઈ શકે છે. દેશના જુદા જુદા ભાગોમાં ૮ હાઇસ્કુલો છે.

જેમાં વિદ્યાર્થીને વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ કરવાને માટે તૈયાર કરવામાં આવે છે. હાઇસ્કુલને વિશ્વવિદ્યાલય ( College ) ની વચ્ચે એક સ્પેશીઅલ–ખાસ કૉલેજ છે. સને ૧૯૧૦ માં તેવી ૧૪ સ્પેશીઅલ કૉલેજો હતી. તેમાં છોકરાઓ અને છોકરીઓને શિક્ષણ આપવામાં આવતું કે જેઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા ચાહતા હોય, પણ વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ કરી શિક્ષકની પદવી લેવા માગતા ન હોય. જે છોકરાઓ અને છોકરીઓએ અનુક્રમે મિડલ સ્કુલ અને હાઇસ્કુલની કેળવણી પુરી કરી લીધી હોય તેઓને સીધાં સ્પેશીયલ કૉલેજમાં દાખલ કરવામાં આવે છે. તેમને હાઇસ્કુલમાં જવાની જરૂર નથી. ટોકીયો, કિયેટો, અને ટોહોક્યુ એમાં સરકારી વિશ્વવિદ્યાલયો છે. જેમાં સર્વ પ્રકારની સાહિત્ય–વિષયક અને વિજ્ઞાન વિષયક શિક્ષાછાત્રોને આપવામાં આવે છે. સરકારનો વિચાર હજી બે બીજા વધુ વિશ્વવિદ્યાલયો વધારવાની ઇચ્છા છે. એક તો ઉત્તર પૂર્વમાં જેનું કેન્દ્રસ્થાન સેન્ડાઈમાં રહે. બીજાનું કેન્દ્રસ્થાન દક્ષિણ–પશ્ચિમમાં ક્યુશુ નામના ટાપુના ફુકુકા શહેરમાં રાખી શકાય. સને ૧૯૧૦ માં ટોકિયો વિશ્વવિદ્યાલયમાં ૧૪૩ શિક્ષકો, ૮૮ સરકારી અધ્યાપકો ૧૧ ઑનરરી ( અવૈતનીક ) શિક્ષકો, અને ૯૪ લેકચરર્સ ( વ્યાખ્યાનદાતાઓ ) હતા. અને ગયાં બે વરસપર આ વિશ્વવિદ્યાલયમાં ૫૦૭૧ વિદ્યાર્થીઓ હતા. કીયેટોમાં ૧૩૫૯ અને ટોહોક્યુમાં ૧૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. આ ઉપરાંત કેટલાંક ખાનગી વિશ્વવિદ્યાલયો પણ છે. ખાનગી વિશ્વવિદ્યાલયો પૈકી વસેડા–વિશ્વવિદ્યાલય રાજનીતિ, અર્થશાસ્ત્ર, સામાજીક, નૈતિકશાસ્ત્ર તથા વ્યાપાર શાસ્ત્રના શિક્ષણ માટે મુલક મશહુર છે. આ વિશ્વવિદ્યાલય કાઉન્ટ શિગેનોબ્યુ ઓકુમાએ ટોકીયોમાં સ્થાપ્યું હતું. કિઓજીજુ–વિશ્વવિદ્યાલય સંપત્તિશાસ્ત્ર–અર્થશાસ્ત્રના શિક્ષણ માટે અલગજ છે. એ પણ ટોકિયોમાં છે. તેને પરલોકવાસી ફુકા જવાએ સ્થાપન કર્યું હતું. " **નિપન જોશી ડાઇગકકો.** " અર્થાત્ જાપાની સ્ત્રીઓનું વિશ્વવિદ્યાલય પણ ટોકીઓમાંજ છે, " જાતીજીમા " નામના એક જાપાની–ઇસાઇએ સને ૧૮૭૫ માં ડોશિશા વિશ્વવિદ્યાલય ધાર્મિક શિક્ષણને માટે સ્થાપન કર્યું હતું. આ તથા બીજાં ખાનગી વિશ્વવિદ્યાલયો છે. સને ૧૯૦૯ માં વસેડા–વિશ્વવિદ્યાલયમાં ૪૦૦૦, કિયોજીજુમાં ૪૫૦૦, અને નિપન જોશી ડાઇગકોમાં ૧૨૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ લેતા હતા. જાપાનના અભ્યુદયનું મુખ્ય કારણ તેણે ભિન્ન ભિન્ન પ્રકારના શિક્ષણના જીજ્ઞાસુઓ માટે દરેક જાતની આવશ્યક શિક્ષણની વ્યવસ્થા ઉત્તમ રીતે કરી મુકી છે. આ સગવડથી જાપાનમાં દરેક જાતના એન્જીનીઅરો, કારીગરો, ચિત્રકારો, દસ્તકારો, વણકરો, રંગરેજ, સુતર વણનાર, વૈજ્ઞાનિક,

સપ્રયોગ, રસાયની, ઇમારત બનાવનાર, ખાણુ ખોદનાર, શિલ્પશાસ્ત્રીઓ, ધાતુઓનાં કામ કરનાર, નકશા બનાવનાર, કુમ્ભાર, માળી, વનરક્ષક, પશુવૈદ્ય, વહાણુ બનાવનાર, લશ્કરી તાલીમ આપનાર આદિ નિષ્ણાતો, Expert તૈયાર થયા. સને ૧૯૦૯ માં ઉદ્યોગ, ધંધા શિખવાડવાવાળી ૯, મધ્ય શ્રેણિની ૧૬૦, પ્રારંભિક શ્રેણિની ૨૦૧ અને નીચ શ્રેણિની ૪૯૦૮ શાળાઓ હતી. ખેતીની ૩, ખાસ અને વ્યાપારી ૭ શાળાઓ હતી. એમ એકંદર આવી સ્કુલો ૫૩૧૭ હતી. જાપાને ઘણુાજ પરિશ્રમથી સ્ત્રીઓ અને પુરૂષોને માટે ડૉકટરનું, દાઇ-યણનું, કળા-કૌશલ્યનું, કાયદાનું, સંગીતનું અને શિક્ષકનું કામ કરી શકે તેવી કેળવણી આપવાની વ્યવસ્થા કરવાનું કામ ઘણીજ ખંતથી અને દીર્ઘદ્રષ્ટિથી કર્યું છે. ત્યાં વળી ન્હાની છોકરીઓ અને તરૂણુ સ્ત્રીઓ માટે ગૃહ પ્રબંધશાસ્ત્ર, કરકસર આદિ શિખવવાની સગવડો પણુ ઘણીજ સારી કરી છે.

જાપાનની સ્કુલો અને કૉલેજોમાં ભણુતી છોકરા છોકરીઓની શારીરિક ઉન્નતિ ઉપર વિશેષ લક્ષ આપવામાં આવે છે. નૈતિક શિક્ષણુ માટે પુરતો બંદોબસ્ત છે. કારણુકે જાપા-નમાં ધાર્મિક શિક્ષણુને બદલે નૈતિક શિક્ષણુજ આપવામાં આવે છે. જો કે કેટલાક માણુસો આ પ્રબંધ પસંદ કરતા નથી, પણુ ગવરમેંટને આ પ્રકારના શિક્ષણુમાં યોગ્ય સફળતા મળી ચુકી છે, અને આ વાત માત્ર જાપાનમાંજ મળી આવે છે, ધર્મ અને નીતિ વચ્ચે સબળ અભેદ જાપાન માને છે.

---

# सावित्री—Savitree.

## આત્મબળ દર્શક એક दृष्टान्तरूपक.

## A grand allegory illustrating the power of soul.

**માનસિક સંપત્તિ અને આધ્યાત્મિક સંપત્તિનો પરસ્પર સંબંધ.**

મનુષ્ય દેહ દુર્લભ કહેવાનું કારણુ એ છે કે મનુષ્ય દેહ પૃથ્વી ઉપર ધારણુ કરી પોતાનું સાર્થક કરવાનું છે, એ બીજા લોકમાં થઇ શકતું નથી; કેમકે આ પૃથ્વી કર્મભૂમિ છે માટે અંતરિક્ષમાં રહેલા દેવતાઓ પણુ એ કર્મભૂમિમાં દેહ ધારણુ કરવાની અપેક્ષા રાખે છે. પ્રાણુી માત્ર જન્મથી તે મૃત્યુ પર્યન્ત જે જે સહે છે, કરે છે, અને ઇચ્છે છે, અને સંક્ષે-પમાં જેની પ્રાપ્તિ સારૂ પ્રાણુી પોતાનું જીવન, દુઃખથી વિંધાઇ ગયા છતાં પણુ ધારણુ કરી રહે છે, તે પદાર્થ **सुख** છે; એમ વિચાર કરનાર સર્વ તત્કાળ કહી શકશે. સુખ જીવનનું પણુ જીવન છે, એવું જે સુખ તેને સંપા-દન કરવા પ્રાણુી માત્ર સર્વ પ્રકારે શ્રમ કરે છે પણુ એ વિશ્વાકર્ષક વસ્તુ એવી તો ઉચ્ચ છે કે તેની ઝાંખી પણુ થોડાનેજ થાય છે. માત્ર તેની છાયામાં આ જગતનાં મનુષ્ય પ્રાણુી ગોથાં ખાય છે, પણુ પાછા હાથ ખાલીના ખાલી દેખે છે. કોઇ વિરલ ભાગ્યશાળી મહા-ત્માઓ મહાન્ પ્રયત્નથી એ માર્ગે જવાને પાત્ર થાય છે, અને જે અલૌકિક ફળ અગર **सुख** પ્રાપ્ત થાય છે તે એજ છે કે:—**यथार्थ ज्ञान**, **दुःख**ની **अत्यंत निवृत्ति** અને **केवल सुख**ની અથવા **परमात्मपद**ની **प्राप्ति**. મનુષ્યમાં રહેલો આત્મા એ અનંત સામર્થ્ય, જ્ઞાન વગેરેનો અખુટ ભંડાર છે. એ આત્મા પોતાનું અનંત સામર્થ્ય વગેરે આપણા મન-

દ્વારા દર્શાવે છે. જેમ સુથારને પોતાની કુશળતા દર્શાવવાને માટે ઓજારની અગત્ય પડે છે, તેમ આપણા આત્માને પોતાનામાં રહેલું અનંત સામર્થ્ય દર્શાવવાને માટે સાધનની જરૂર પડે છે; અને આ સાધન તે આપણું મન છે. સ્વયંપ્રકાશ આત્મા મનદ્વારા પોતાના પ્રકાશને પ્રકાશે છે. મનનું ઓજાર અથવા સાધન મગજ છે. મગજમાં રહેલાં કરોડો સૂક્ષ્મ પુટ ( cells ) દ્વારા મન ક્રિયા કરે છે. આપણા મગજમાં રહેલાં આ કરોડો પુટનો સંઘ-શોનોજ આપણે કંઇ ઉપયોગ કરતા નથી. તેમાંનો મોટો ભાગ વપરાયા વિનાનો પડયો રહે છે. મગજમાં સર્વ શક્તિઓ રહેલી છે, પણ મનુષ્ય જેનો જેનો અભ્યાસ કરે છે, તે તે શક્તિ તેનામાં ખીલી નીકળેલી જણાય છે. મગજના વિવિધ ભાગમાં રહેલી વિવિધ શક્તિ-માંથી જે મનુષ્ય જે શક્તિને કેળવે છે, તે શક્તિ તેનામાં ખીલી નીકળે છે, અને જે નથી કેળવતો તે નથી ખીલી નીકળતી. કોઈ શક્તિ કોઇનામાં ખીલી નીકળેલી ન જણાય માટે તે તેનામાં નથી એવું લેશ પણ નથી. સર્વ મનુષ્યમાં સર્વ શક્તિઓ છે, પણ તે ન જણાવાનું કારણ માત્ર તે છે કે તેને પ્રકટ કરવા માટે જેવો પ્રયત્ન કરવો જોઇએ તેવો નથી કરવામાં આવતો. **भावना सदृशी सिद्धिः** અર્થાત્ મનુષ્યના મનની જેવી ભાવના હોય છે, તે પ્રમા-ણેજ તેને સિદ્ધિ મળે છે, એ શાસ્ત્ર વચન તમે અનેકવાર શ્રવણ કર્યું હશેજ. જે જે આપ-ણને પ્રાપ્ત થયું છે, અને જે જે આપણાથી દૂર રહ્યું છે તેને તેને આપણા પ્રતિ આકર્ષનાર અને આપણાથી દૂર રાખનાર આપણી વૃત્તિ, ભાવના અથવા માનસિક સ્થિતિ છે. આથી, જે વિચારોના સેવનથી આપણી વૃત્તિનું અથવા માનસિક સ્થિતિનું સ્વરૂપ બંધાય છે, તે વિચારોના સેવનમાં નિરંતર અત્યંત સાવધાનતા રાખવાની અગત્ય છે. સર્વ વિદ્યાનું શિખર તત્ત્વજ્ઞાન અર્થાત્ અધ્યાત્મજ્ઞાન છે. અનેક શાસ્ત્ર અને કળાઓથી મનુષ્યનું મન સંસ્કારી થઇ તે ઉત્તમોત્તમ જ્ઞાન ગ્રહણ કરવા પાત્ર થાય છે; તેથી શાસ્ત્રો અને કળાઓ એ સાધન છે અને જ્ઞાન એ સાધ્ય છે. અનેક માર્ગો અને અનેક સાધનો હોય છે પણ સાધ્ય કરવાની વસ્તુઓ માત્ર ગણત્રીનીજ હોય છે. સાધ્યનું પણ સાધ્ય તત્ત્વજ્ઞાન અર્થાત્ અધ્યાત્મજ્ઞાન છે, તે સત્ય હોવાથી સદાકાળ સર્વોપરી રહ્યું છે.

હવે એ રીતે સાધન જે માનસિક સંપત્તિ અને સાધ્ય જે આધ્યાત્મિક સંપત્તિ, એ બન્નેનો પરસ્પરનો સંબંધ નીચેના **दृष्टान्तरूपक** દ્વારા પ્રતિપાદન કરવાનો આ લેખનો ઉદ્દેશ છે. સુજ્ઞ વાંચક વૃન્દ ! નીચેનું અનુપમ દૃષ્ટાન્ત ધ્યાનપૂર્વક વાંચશો, અને જો તેમાં સહેજ ઉંડા ઉતરશો તો સત્વર જણાઈ આવશે કે, બહારથી દેખાતા જુદા અર્થવાળા એ દૃષ્ટાન્તમાં કાંઇ જુદોજ ગુહ્ય અર્થ સમાએલો છે, કે જે આ લેખના છેવટના ભાગમાં સ્પષ્ટ રીતે દર્શાવેલો છે. નીચેના દૃષ્ટાન્તમાં જે જે શબ્દો અને વાક્યો મોટા અક્ષરથી છાપેલાં છે તે ધ્યાનમાં રાખી અધ્યાત્મિક દૃષ્ટિએ મનન કરશો તો જણાશે કે તે સર્વ ગુહ્ય અર્થ દર્શક છે; એટલુંજ નહિ પણ આ દૃષ્ટાન્તના એકે એક વાક્યમાં કાંઇને કાંઇ નવુંજ રહસ્ય અધ્યાત્મિક દૃષ્ટિએ મનન કરતાં જણાઇ આવશે.

**સાવિત્રી.**

પ્રાચીન સમયમાં એક મહાન્ નૃપતિને એક રાજકુમારી હતી. સૌંદર્ય, રૂપ અને લાવ-ણ્યતાને માટે અખિલ વિશ્વમાં તે અનુપમ હતી; અને શાસ્ત્રોમાં વર્ણ-વેલા, સ્ત્રીજાતિને આભુષણરૂપ સર્વ સદ્‌ગુણોથી તે કુમારિકા અલંકૃત હતી. તે સમયે નજીકમાંજ એક બીજો રાજા હતો, તે પોતાનું આખું રાજ્ય ખોઇ બેઠો હતો; એક અગાધ અને ઉજ્જડ જંગલમાં તે પોતાની રાણી અને કુંવર

સાથે જઈ રહ્યો હતો, જ્યાં તે દુઃખી જીવન ગાળતો, અને અધુરામાં પુરૂં તે વળી આંખે અંધ થયો હતો. વિધાતાની ક્રૂરતા એટલે સુધી હતી કે તે રાજાને એક પળવાર પણ સુખ મળતું નહિ, અને આંખોથી જરાક પણ દેખી શકતો નહિ.

હવે જ્યારે પેલી રાજકુમારી પુખ્ત ઉમરની થઈ ત્યારે તે કુમારિકાના પિતા જેનું નામ **અશ્વપતિ** હતું તેણે પોતાની પુત્રીને પસંદ હોય તે પતિની સાથે તેનું પાણિ ગ્રહણ કરવાની ઇચ્છા જણાવી. પદભ્રષ્ટ થયેલો જે અંધ રાજા જંગલમાં રહેતો હતો, અને જેનું નામ **ધુમત્સેન** હતું, તેના પુત્રને તે કુમારિકાએ પ્રથમથીજ પસંદ કર્યો હતો; તે પુત્રનું નામ **સત્યવત** હતું. પ્રાચીન સમયમાં કાંઈ પણ કાર્ય કરતા પહેલાં રાજાઓ અસલના મહાન્ ઋષિઓની હમેશાં સલાહ લેતા હતા. રાજાએ તેથી મહર્ષિ નારદની સલાહ લીધી; પોતાની પુત્રીની પસંદગી બરોબર અને ભવિષ્યમાં સુખકારક થાય એવી હતી કે કેમ તે વિષે રાજાએ નારદને પૂછ્યું. નારદઋષિએ પોતાની શક્તિથી ભવિષ્ય જોયું અને કહ્યું કે પદભ્રષ્ટ થએલા રાજાના પુત્ર કરતાં આ પૃથ્વી તટ ઉપર બીજો કોઇ પણ પુરૂષ વધારે પ્રતાપી કે વધારે ગુણવાન્ નથી; પરંતુ તે પસંદગીમાં એક મોટો વાંધો ઋષિએ એ બતાવ્યો કે—તે પુત્ર લગ્ન થયા પછી ત્રણ માસમાં મૃત્યુ પામશે. તે કુમારિકાના પિતાએ પોતાના મન સાથે તત્કાળ નિશ્ચય કર્યો અને ઋષિને કહ્યું કે "આ એકજ વાંધો એવો છે કે આપે તે પુત્રના જે અસંખ્ય ગુણો ગણાવ્યા તે બધાને તે ઢાંકી દે છે;" અને હવે પોતાની પુત્રી તે વિષે શું ધારે છે તે જાણવાને તેણે પુત્રીને પૂછ્યું. પુત્રીએ નિડરપણે જવાબ આપ્યો, "મેં મારા મનથી પસંદગી કરી છે; મેં જે પુત્રને ધાર્યો હતો તેજ પુરૂષને મારૂં હૃદય સોંપી દીધું છે; એક કરતાં વધારે વખત એક સ્ત્રીનું લગ્ન થઈ શકેજ નહિ; મારા નિશ્ચયને હું વળગી રહીશ; મારા હૃદયને હું અનુરક્ત થઇશ; મારા ભવિષ્યના પતિમાં હું તલ્લીન રહીશ; ગમે તેમ થાય, તો પણ જે પુરૂષને મેં ધાર્યો છે તેની સાથેજ લગ્ન કરીશ."

પોતાની પુત્રીના સદ્વર્તનથી જાણીતા થયેલા રાજાએ તે પુત્ર સાથે લગ્ન કરવા પોતાની પુત્રીને આજ્ઞા આપી; શાસ્ત્રોક્ત રીતિએ બન્નેનું પાણી ગ્રહણ થયું; અને પોતાના પતિના નિવાસમાં તે પુત્રી ગઈ. ત્યાં પોતાના **અનંત** ગુણોથી તે પુત્રીએ પોતાના પતિનું તેમજ પોતાના સસરાનું હેત મેળવ્યું. એ રીતે થોડાક દિવસ સુખે નિર્ગમન કર્યા, એટલામાં તેના પતિના મૃત્યુને માટે ભવિષ્યમાં નિર્માણ થયેલો દિવસ પાસે આવવા લાગ્યો. નિર્માણ થયેલા દિવસની અગાઉ ત્રણ દિવસથી તે સ્ત્રી—કે જેનું નામ **સાવિત્રી** હતું. તેણે ઉપવાસ કરવા માંડયા, એટલે પોતાના પતિના કલ્યાણને અર્થે સખ્ત વ્રત લીધું. તેના સસરાએ કહ્યું કે ત્રણ દિવસના લાંબા અને સખ્ત ઉપવાસ તે નાજુક સ્ત્રીથી થવા અશક્ય છે પણ તે સ્ત્રીએ તો નિશ્ચય કર્યો; ઉપવાસ શરૂ કરવાની તેણે આજ્ઞા માગી, અને વ્રત શરૂ કરવાની તેને આજ્ઞા આપવામાં આવી.

હવે ત્રીજે દિવસે એટલે તેના પતિના મૃત્યુને માટે નિર્માણ થયેલા દિવસે, ઘરના ઉપયોગને માટે કાષ્ટ કાપી લાવવાને જંગલમાં જ્યાં તેનો પતિ જતો હતો ત્યાં તેની સાથે જવાને માટે તે સ્ત્રીએ ઘણી આજીજી કરી અને આજ્ઞા માગી. આથી તો તે સ્ત્રીનાં સાસુ અને સસરો ચમક્યાં; અને તેમણે કહ્યું, "અરે બાળક! જંગલમાં કાંટાથી પથરાયેલા રસ્તા ઉપર ચાલવાને માટે તું બહુ નાજુક છે; તારે તો ઘેરજ રહેવું જોઇએ; અને આવી આજ્ઞા તો આપી શકાયજ નહિ." પણ તેણે તો ઘણોજ આગ્રહ કર્યો અને કહ્યું, "આજે તો

મારા પતિની સાથે મારે જવુંજ જોઇએ, મારાથી અહીં રહી શકાય નહિ;" અને એ રીતે તેને તે વખતે પણ આજ્ઞા મળી.

હવે તે દંપતિ જંગલમાં ઘણે દૂર ચાલ્યાં, અને જ્યાંથી કાષ્ટ કાપવાનાં હતાં તે સ્થળ આગળ આવી પહોચ્યાં; અને એકાએક તેના પતિનું મસ્તક પીડાથી ધબકવા માંડયું અને તત્કાળ બેશુદ્ધ થઇને પોતાની સ્ત્રીના ખોળામાં પડયો; પોતાના પતિની સઘળી માવજત તે સ્ત્રીએ કરી, અને આખરે તેના પતિનો આત્મા ક્ષણભંગુર દેહનો ત્યાગ કરવાને તૈયાર થતો જણાયો. દેહ ત્યાગ કર્યા પછી જીવને લેઇ જવાને માટે **યમરાજા** ત્યાં દેખાયા. યમરાજાને જોઇને તે સ્ત્રી—**સાવિત્રી**—એ કહ્યું, "અહો, યમરાજ ! આપના પ્રતાપી સિંહાસન ઉપરથી આપને જાતે અહીં શા માટે આવવું પડયું ? આપના પ્રધાનોમાંથી એકાદને અહીં મોકલવાથી ચાલી શકત." તે સ્ત્રીને નીચે પ્રમાણે પ્રત્યુત્તર મળ્યો, "પતિવ્રતા સ્ત્રીની **આકર્ષક પવિત્રતા** એટલી બધી મહત્ છે કે તે પવિત્રતાની સમક્ષ ઘણે દૂરથી પણ મારા **પ્રધાનો**માંથી કોઇ પણ ટકી શકે નહિ; અને તેટલા માટે, આ કાર્ય બજાવવાને યમરાજાને પોતાને અહીં આવવાની જરૂર પડી છે."

હવે જ્યારે યમરાજાએ તે જીવને લેઇ જવા માંડયો ત્યારે જ્યાં જ્યાં તે જંગલમાં થઇને યમરાજા તે જીવને લેઈ ગયા ત્યાં ત્યાં આ પતિવ્રતા સ્ત્રી તેમની પાછળ ચાલી, અને તેને પૂછવામાં આવ્યું, "હવે તું શા માટે પાછળ પાછળ આવે છે ? તારા પતિ પ્રત્યેની તારી ફરજો હવે પૂર્ણ થઈ ગઇ છે, માટે તું હવે ઘર તરફ જા." પણ તે તો હઠ પકડી રહી, અને કહ્યું, "મારા પતિની સેવા કરવી એના કરતાં મારે બીજી કોઈ પણ વધારે મોટી ફરજ નથી; મારા ઘેર જવાથી અને ગમે તે મળે તે કોઇ ચીજથી પણ મારા પતિની મને ગયેલી ખોટ પૂરાવાની નથી." તેણે તો યમરાજાની પાછળ ચાલવા માંડયું. તેના મધુર શબ્દો અને અડગ ભક્તિભાવથી યમરાજા પ્રસન્ન થયા, અને કહ્યું, "તમારા પતિના જીવ સિવાય ગમે તે વરદાન તમે મારી પાસે માગો, અને હું તે પૂર્ણ કરીશ." તે સ્ત્રીએ કહ્યું, "મારા સસરાનું **રાજ્ય** દુશ્મનોએ છીનવી લીધું છે. પહેલું વરદાન હું આપની પાસે એ માગું છું કે તેમને પોતાનું રાજ્ય પાછું મળો, અને તેમનું સર્વ દ્રવ્ય તેમને પાછું મળો."

યમરાજાએ કહ્યું, "તથાસ્તુ ! હવે તમે પાછાં જાવ."

હજી પણ તે સ્ત્રીએ યમરાજાની પાછળ ચાલવા માંડયું, અને પાછું ફરવાને ના પાડી, અને ફરીથી પણ તેજ પ્રમાણે મધુર શબ્દો અને તેના પતિ તરફના તેના અડગ ભક્તિભાવથી યમરાજા બીજું વરદાન આપવાને તૈયાર થયા, અને તે સ્ત્રીએ કહ્યું, "મારા સસરા **આંધ** થયા છે, મારી વિનંતિ એ છે કે, તેમને **આંખો**ની શક્તિ પાછી મળો."

યમરાજાએ બીજી વખત કહ્યું, "તથાસ્તુ ! હવે તો તું પાછી જા."

તો પણ તે સ્ત્રીએ પાછી હઠ પકડી. પોતાની ધારણા પાર પાડયા સિવાય તે પાછી જવાની ન હતી. તેણે પ્રાર્થના કરી કે, "મારી કૂખમાંથી એક સો સૌંદર્યવાન્ અને પુષ્ટ સંતાન ઉત્પન્ન થાવ."

તે સ્ત્રીના શબ્દોની મધુરતામાં તે ક્ષણે લીન થઇ ગયેલા યમરાજાએ કહ્યું, "તારી પ્રાર્થના પ્રમાણે થાવ; તથાસ્તુ !" તુરતજ બીજી ક્ષણે આ અનુપમ સતીએ યમરાજાના તરફ જોયું અને કહ્યું, "અહો, યમરાજા ! આપે હમણાજ જે વરદાન મને આપ્યું તે આપ બરોબર જાણો છો ? અમારામાં સ્ત્રી બીજાને પતિ કરી શકે નહિ એ આપ જાણો

છો ? મારા પતિ સજીવન ન થાય તો આપે આપેલું વરદાન ફળીભૂત થઇ શકે નહિ એ આપ જાણો છો ? આપ ન્યાયના અધિકારી છો; આપના મુખમાંથી અસત્ય વચન નીકળી શકે નહિ; તેટલા માટે મારી છેવટની પ્રાર્થના તો એજ છે કે, **"મારા પતિને સજીવન કરો."**

પ્રતાપી યમરાજા ચમક્યા, પોતે શું કર્યું તે પોતાના ખ્યાલમાં નહિ રહેવાથી ગભરાયા, અને પોતાનું મસ્તક નીચું નમાવીને કહ્યું: "તારા પતિને હવે પાછો લેઈ લે. જે જીવને મૃત્યુએ ખેંચી બાંધી હતો તે જીવને મૃત્યુના પંજામાંથી તારા અડગ સતીપણાએ પાછો લેઇ લીધો છે. ભવિષ્યના જમાનાની સ્ત્રીઓને તારૂ સતીપણું અનુકરણીય થઇ પડશે."

સજીવન થયેલા પોતાના પતિની સાથે તે સ્ત્રી ઘર તરફ પાછી આવી, તે સર્વેએ **પોતાનું ખોયેલું રાજ્ય પાછું** મેળવ્યું; તેના સસરાને તેની ગયેલ **આંખો પાછી આવી,** અને ફરીથી તેઓએ શાન્તિથી રાજ્ય કર્યું.

આ દૃષ્ટાન્તનો ખુલ્લો અર્થ ઉપરથી તુરત દેખાઇ આવશે; પતિ પ્રત્યેનો ભક્તિભાવ, પવિત્રતા, અને પતિવ્રતનો આ અનુપમ નમુનો આ પૃથ્વી ઉપરની હરકોઈ સુધરેલી પ્રજાને અનુકરણીય થઇ પડવાને માટે આ દૃષ્ટાંતનો ખુલ્લો અર્થ બસ છે. "**जन्मसावित्री भव**" એ શબ્દો વડે સ્ત્રીઓને આશીર્વાદ આપવામાં આવે છે, તે પણ એજ સુચવે છે. એટલુંજ નહિ પણ આ દૃષ્ટાંતમાં કાંઇ એવો તો ગુહ્ય અર્થ સમાયેલો છે કે જે ખુલ્લા અર્થ કરતાં પણ ઘણોજ ઉચ્ચ છે, અને તે નીચે પ્રમાણે છેઃ—

**ગુહ્યાર્થ.**

સંસ્કૃત ભાષામાં **सावित्री** નો અર્થ **सवितृ** ની ( એટલે **आध्यात्मिक सूर्यनी** ) **पुत्री** એવો થાય છે. એ રીતે આ સ્થળે **सावित्री,** એ મનુષ્યનો **प्राणरुपी आत्मा** છે; આ **प्राण**રૂપી **पुत्री**નું **सत्यवत** સાથે જે લગ્ન થાય છે, તેનો અર્થ એ છે કે **आत्मा** ને **मनुष्य देह** ( જે આ દૃષ્ટાન્તમાં **सत्यवत** તરીકે ઓળખાવ્યો છે તે ) નો સંયોગ થાય છે. **सत्यव्रत**નો પિતા એક રાજા હતો કે જેણે પોતાનું રાજ્ય ખોયું હતું, અને આંખો પણ ખોઇ હતી; આ શું બતાવે છે! એજ કે **मनुष्यदेह** ધારણ કરવામાં મુખ્ય મૂળ મનુષ્યનું **मन** છે; એટલે મનુષ્યને કર્મમાં પ્રવર્તાવનાર મનુષ્યનું **मन** રાજા તરીકે છે, કે જે **मन** સ્વર્ગરૂપી રાજ્ય ગુમાવી બેઠું છે, અને આધ્યાત્મિક જ્ઞાનરૂપી આંખો પણ ખોઇ બેઠું છે કે જે આંખો વડે તે સ્વર્ગરૂપી રાજ્યને જોઇ શકે. આ પ્રમાણે **प्राण**રૂપી **आत्मा**નો **मनुष्य देह** સાથે સંયોગ થાય છે; અને જે ક્ષણે કામ, ક્રોધ, લોભ, મોહ ઇત્યાદિ પુદ્ગલિક વિકારો ( જે ઉપરના દૃષ્ટાન્તમાં યમરાજા તથા તેના પ્રધાનો તરીકે ઓળખાવ્યા છે ) **मनुष्य देह**ને નિષ્ફળ કરવા પ્રયત્ન કરવા માંડે છે, તેજ ક્ષણે મનુષ્યની મદદમાં તેનું **आध्यात्मिक जीवन** તેને બચાવવાને આવે છે ( **सावित्री**એ **सत्यव्रत**ને બચાવ્યો તે ). વળી તે ઉપરાંત મનુષ્યના **मन**ને માટે પણ તેનું ખોયેલું સ્વર્ગરૂપી રાજ્ય અને આધ્યાત્મિક જ્ઞાનરૂપી આંખો પણ પાછી મેળવી આપે છે ( જે **सावित्री** પોતાના સસરાને રાજ્ય અને આંખો પાછી અપાવે છે તે ). આ પ્રમાણે આ અનુપમ દૃષ્ટાન્ત રૂપકનો ગુહ્યાર્થ છે. વિશેષ ઉંડા ઉતરવાથી એમાંથી કાંઇ વધારે પણ ગુહ્યાર્થ જણાઇ આવશે. **शान्ति ! शान्ति ! ! शान्ति ! ! !**

**ત્રીભોવનદાસ દલપતભાઈ શાહ. પાદરા.**

**તા. ક.** આ લેખમાંથી ફક્ત અપેક્ષાએ ભાવાર્થ ખેંચવાનો છે. યમરાજા—જીવોને તેડવા આવતા નથી પણ ફક્ત આ કથામાંથી સાર ખેંચવાનો છે. લી. **બુદ્ધિસાગર.**

# जयणा.

જૈન ધર્મને વિષે દયાને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે પરંતુ વાસ્તવિક રીતે જોતાં જણાય છે કે જૈન શાસ્ત્રને વિષે વર્ણવેલી દયા, જયણા ( યત્ના અગર જતના ) વિના પાળી શકાતી નથી. માટે દયા પાળવા ઉત્સુક પુરૂષે જયણાનું સ્વરૂપ સમજી તેને યથાર્થ રીતે અમલમાં લાવવા પ્રયત્ન કરવો જોઇએ. સાધુ સાધ્વી–શ્રાવક તથા શ્રાવીકાનું કોઈ પણ કામ એવું નથી કે જેમાં જયણાની જરૂર નથી. તેમજ વળી શ્રાવક શ્રાવીકાનું એક પણ વ્યવહારી કામ એવું નથી કે જેમાં જયણાની જરૂર ન હોય ! દરેક કામમાં જયણાની ખાસ અગત્યતા જ્ઞાનિઓએ સ્વીકારેલી છે તે તો નિર્વિવાદજ છે. હવે આપણે જોઇએ કે આપણા ધાર્મિક તથા વ્યવહારિક કામમાં કઇ કઇ જગોએ જયણાની જરૂર છે તે અમલમાં લાવતાં આપણે કેવી રીતે ગફલત રહીએ છીએ અને તેવી થતી ગફલતો દુર કરી ઉત્તમ માર્ગે કેવી રીતે ચઢી શકાય.

૧. પ્રથમ મતમાં હિંસા સંબંધી વિચાર કરીએ. જૈન શાસ્ત્રનો મુખ્ય સિદ્ધાંત એ છે કે કોઈ પણ પુરૂષે અગર સ્ત્રીએ હિંસા કરવી નહિ; પરંતુ તેનો અમલ સાધુ તથા સાધવી પુરેપુરી રીતે કરી શકે છે. ગૃહસ્થો સંસાર વ્યવહારમાં પડેલા હોય તથા તેમને આરંભ કરવા પડે છે તેથી તેઓ મુનિરાજની માફક પુરેપુરી ( વિસ વીશ્વાની ) દયા પાળી શકતા નથી તો પણ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે તેમને સવા વિશ્વાની દયા પાળવાની છે; અને જો તેઓ તે પ્રમાણે ન પાળે તો શ્રાવક ધર્મ યથાર્થ રીતે પાળે છે એમ કહી શકાય નહિ. મુનિરાજને પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ કે જેને શાસ્ત્રકાર આઠ પ્રવચન માતાના નામથી ઓળખાવે છે તે બરાબર પાળવાની છે. અને જો તેઓ તે બરાબર ન પાળે તો તેમનાથી યથાર્થ રીતે દયા પળી શકે નહિ. જો તેઓ રસ્તામાં ચાલતાં નીચું જોઈ જીવજંતુની જયણા ન રાખે તો તેવા જીવોનો ઘાત થવાથી હિંસાનો દોષ લાગે. વળી તેવીજ રીતે ઉઘાડા મુખે બોલવાથી પણ તેવોજ દોષ લાગે. તેવીજ રીતે ગોચરીના સંબંધમાં પાટ–પાટલા–પાત્રાં વિગેરે લેવા મુકવાના સંબંધમાં તથા માત્ર ઇત્યાદિક પરઠવાના સંબંધમાં પણ સમજવું. વળી તેવીજ રીતે મનગુપ્તિ–વચનગુપ્તિ તથા કાળગુપ્તિના સંબંધમાં પણ સ્વદયા તથા પરદયાનો સમાવેશ થાય છે. આથી એમ સમજવાનું નથી કે પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ મુનિરાજ એકલા-એજ પાળવાની છે અને ગૃહસ્થ તેથી છુટા છે ! ના તેમ નથી. ગૃહસ્થને પણ તે દેશથી પાળવાની ફરજ છે. જો તેમ ન હોય તો ગૃહસ્થ દયા પાળે છે તેમ કહી શકાય નહિ. વળી ગૃહસ્થને તો આરંભનાં ઘણાં કામ કરવાં પડે છે માટે તેને તો તેવા દરેક કામમાં વિશેષ ઉપયોગ સહિત ચાલવાની જરૂર છે. હવે ગૃહસ્થે કયા કયા કામમાં કેવી રીતે ઉપયોગ ( જયણા ) રાખવો તે વિચારીએ.

૨. પ્રથમ તો સવારમાં ઉઠયા બાદ આવશ્યકાદિક ક્રિયાઓ કર્યા બાદ સ્ત્રી વર્ગને ( જ્યાં સ્ત્રી વર્ગ ન હોય ત્યાં પુરૂષ વર્ગે અગર ઘરમાં રાખેલા રસોઇઆએ ) ચુલો સળગાવવો પડે છે. આ કામ કરવામાં ઘણીજ જયણા રાખવાની જરૂર છે. જો તેમ કરવામાં ન આવે તો ઘણા જીવોની હાની થવાનો સંભવ છે. માટે ચુલો પુંજણીવતી પુંજવાની ખાસ જરૂર છે. વળી જે લાકડાં સળગાવવામાં વાપરવાનાં હોય તે પણ એવી રીતે પુંજવાં જોઇએ કે

તેમાં ત્રસ જીવ બીલકુલ રહે નહિ. ચુલા ઉપર કોઈ પણ જીવ ઉપરથી પડે નહિ તેને માટે ચંદરવાની ખાસ જરૂર છે. કેમકે જો તેમ કરવામાં ન આવે તો એ રીતે નુકશાન થાય છે. એક તો ચુલા ઉપર જે જીવ હોય તેનો ઘાત થાય છે. અને બીજું જો તે જીવ ઝેરી હોય અને તે ખાવાની વસ્તુમાં પડે તો તે ખાનારાનો જીવ જાય છે. કેટલીક સ્ત્રીઓ ધગધગતા અંગારા રખ્યામાં ભરી રાખી અગર હાંલ્લામાં નાંખી બુઝાવવાને બદલે પાણીમાં નાંખી બુઝાવે છે. આમ થવાથી અગ્નિ કાયના જીવનો ઘાત થાય છે માટે તેમ પણ થવું જોઇએ નહિ. ચુલો ઉઘાડો રહેવાથી તેમાં જીવજંતુ પડે માટે સળગતો ચુલો ઉઘાડો રાખવો નહિ. ચુલા ઉપર મુકેલું વાસણ પણ ઉઘાડું મુકવું નહિ કેમકે તેમ કરવાથી પોતાના તથા પરના જીવને નુકશાન છે. જે વાસણો રાંધવાના કામમાં લેવાનાં હોય તોપણ દૃષ્ટિ વડે જોઇને તથા પોંજીને વાપરવામાં આવે તો સજીવની હાની થાય નહિ. કેટલીક વખત ચુલા ઉપર બાંધેલા ચંદરવા લાંબી મુદત સુધી છોડાતા નહિ હોવાથી તે બાંધીને જયણા કરવાનો ઇરાદો હોય છે તે પાર પડતો નથી એટલુંજ નહિ પણ તેથી ઉલટું હિંસાનું કારણ થઇ પડે છે. માટે ચુલા ઉપરના ચંદરવા સારા ધોએલા અને તેમાં જીવજંતુ ભરાઇ ન રહે તેમ જયણા રાખવાની ખાસ જરૂર છે. જો ચંદરવા ટુંકી મુદતમાં છોડી ધોવરાવવામાં આવતા હોય તો ઉપર લખેલો દોષ થવાનો થોડો સંભવ છે. ઉપર પ્રમાણેની જયણા જો સ્ત્રીવર્ગ જાતે રસોઈ કરે તોજ બરાબર પળી શકે. રસોઇઆના હાથથી આવી જયણા પળી શકે નહિ માટે ઉત્તમ રસ્તો તો એજ છે કે સ્ત્રી વર્ગ જાતે રસોઇ કરવી. જો રસોઇઆના હાથથી રસોઈ કરાવવી પડે તેમ હોય તો તેના દરેક કામ ઉપર દેખરેખ રાખવાની ખાસ જરૂર છે કે ઉત્તમ શ્રાવકના ઘરમાં તેના યોગ્ય દયા પાળી શકાય. રસોઇઆના હાથે રસોઇ કરાવતાં છતાં પણ લાકડાં પુંજવાનું-ચુલો પુંજવાનું તથા વાસણ વિગેરે જોવા તથા પુંજવાનું કામ સ્ત્રી વર્ગથી બની શકે તેમ છે છતાં જો તેની ઉપેક્ષા કરવામાં આવે તો એમ સમજવું કે દયાનું સ્વરૂપ બરાબર સમજવામાં આવ્યું નથી અને શુદ્ધ પરંપરાનું જાણપણું થયું નથી. વયોવૃદ્ધ સ્ત્રીઓ આવા કામમાં કુશળ હોય છે પરંતુ નવીન બાઇઓ આવા કામ ઉપર પુરતું લક્ષ આપતાં જોવામાં આવતાં નથી. તે જણાવી આપે છે કે તેઓ ઉત્તમ ગતીના ભાજક બનવાનાં નથી.

૨. પાણી ગળવાનું કામ પણ સ્ત્રી વર્ગનું છે. આ કામમાં સંખારો મરી ન જાય તેમ ખાસ લક્ષ આપવાનું છે. પાણી ગળવાનું ગરણું એવું રાખવું જોઇએ કે તેમાં થઇ ત્રસ જીવ જઇ શકે નહિ, વળી તે એવું તો સ્વચ્છ રાખવું જોઇએ કે તેમાં જીવની ઉત્પત્તિ થાય નહિ. હાલમાં અમદાવાદ વિગેરે કેટલેક સ્થળે પાણીના નળ થવાથી આ સંબંધીની જયણાની તદ્દન ઉપેક્ષા થતી જોવામાં આવે છે તે ઘણુંજ દીલગીરી ભરેલું છે. નળ થવાથી કેટલાક ઘેર નળે પાણીનું લુગડું બાંધી મુકવામાં આવે છે. આ પ્રમાણે થવાથી સંખારો બીલકુલ સચવાતો નથી. વળી જો કેટલેક ઠેકાણે સંખારો લેવામાં આવે છે, તો તેની યોગ્ય જયણા કરવામાં આવતી નથી. કેટલીક વખત તો ઉઘાડા નળે બેસી અણગળ પાણીથી નહાવામાં આવે છે. અરે ! એટલુંજ નહિ પણ પરમાત્માની પૂજા કરવા જનાર ભાવિક જન પણ ઉઘાડા નળે બેસી અણગળ પાણીથી નહાવાનું પસંદ કરે છે પરંતુ તે બીચારાને ખબર નથી કે આમ કરવાથી તે કેટલા પ્રકારનું કર્મ બાંધે છે. માટે દરેક મુમુક્ષુ જીવે પાણી ગળવામાં તેમજ તે વાપરવામાં ઘણો ઉપયોગ રાખવાની જરૂર છે.

મતલબ કે નહાવા ધોવા વિગેરેમાં જરૂર જેટલુંજ પાણી વાપરવું અને દરેક કામમાં ગળેલું પાણી વાપરવું, પણ અણગળ વાપરવું નહિ. શાસ્ત્રમાં તો એવું કહ્યું છે કે પાણી ઘીની પેઠે વાપરવું. જ્યારે હાલ પાંચમા આરાના પ્રતાપે બેસુમાર પાણી વાપરવામાં આવે છે જે ઘણુંજ શરમ ભરેલું છે.

૩. ખાવાની ચીજો—ખાવાની ચીજો જેવી કે અનાજ, શાક, ઘી, તેલ વિગેરે વિગેરે. આ તમામ ચીજો એવી વાપરવી જોઇએ કે તેમાં બીલકુલ ત્રસ જીવની હિંસા થાય નહિ. અને જો તેમની બાબતમાં ઉપેક્ષા રાખવામાં આવે તો જયણા પળી શકે નહિ અને હિંસાનો દોષ આવે.

શેઠ મોહનલાલ લલ્લુભાઇ.

# मितव्ययिता—(करकसर.)

પ્રત્યેક મનુષ્યે પોતાની સ્થિતિ સુધારવાને માટે, સ્વાધિનતા પ્રાપ્ત કરવાને માટે યથાશક્તિ ઉદ્યોગ કરવાની જરૂર છે. તેના અંગે તેનું મુખ્ય કર્તવ્ય એ હોવું જોઇએ કે પોતાની આવકમાંથી કાંઇક ને કાંઇક બચાવવું. શ્રમ, કરકસર, દુરદર્શિપણું, નિઃસ્વાર્થ, ઇન્દ્રિયદમન આદિ અનેક ગુણોપર સ્વાધિનતાનો આધાર છે. આ સર્વે ગુણોનું મૂળ કરકસર છે.

કરકસરનો હેતુ વ્યક્તિગત યા સામાજિક ધનની વૃદ્ધિ કરવાનો છે કે જે હાલના જમાનામાં એક ઉન્નતિના સાધનભૂત છે. તેનો ટુંકામાં અર્થ ગૂઢપ્રબન્ધ છે અને તે સ્ફુટ આગળ ઉપર સમજાવવામાં આવશે.

**પરિશ્રમ.**

ધન શ્રમથી ઉત્પન્ન થાય છે, કરકસરથી સુરક્ષિત રહે છે અને ઉદ્યોગ તથા દ્રઢતાથી વધતું જાય છે. પ્રત્યેક વ્યક્તિ જે બચાવે તે સમ્પતિ કહેવાય છે, જે સમાજની ભલાઇનું એક કારણ છે. પણ તેથી ઉલટું જે અપવ્યય છે તે સમાજને હાનિકારક છે. આ દુર્ગુણ બુદ્ધિમાન અને વિવેકી મનુષ્યમાં પ્રવેશ નથી કરી શકતો. તેઓનામાં કરકસરનો ગુણ આવે છે અને તેથી તેઓ દુરદર્શી થાય છે. જે માણસ દુરદર્શિ નથી હોતો, અર્થાત્ જે મનુષ્યને ભવિષ્યનો ખ્યાલ નથી, તે સર્વદા અપવ્યયી રહે છે. તેઓ પરિશ્રમ પણ કરતા નથી અને આથી જંગલી સ્થિતિમાં પડી રહે છે. પ્રથમ ઇગ્લાંડના લોકો અશિક્ષિત હતા. તેઓ ડુંગરોમાં પડી રહેતા. ઝાડની છાલ—પાંદડાં પહેરતાં ને પત્થરોથી પશુ પક્ષીઓ મારી ભક્ષણ કરતા. થોડા સમય સુધી તો તેઓમાંના કોઇએ સુધારવાનો ઉપાય ન કર્યો. પણ આખરે તેઓ ધીમે ધીમે હથિયાર બનાવતાં શિખ્યા. તેઓ ખેતી કરતાં શિખ્યા અને કરકસરથી અનાજ વગેરે એકત્ર કરતાં શિખ્યા. વૃક્ષો કાપી ઘર બનાવતા. આવી રીતે પરિવર્તન થતાં થતાં તેઓએ શ્રમથી મોટાં મોટાં કાર્યો કર્યાં. એન્જીનો બનાવ્યાં, સ્ટીમરો બનાવી એ બધું પરિશ્રમના પ્રતાપે ! આવી રીતે પરિશ્રમથી ધન મેળવી શકાય. કરકસરથી ધન બચાવી શકાય, તેનાથી આપત્તિઓને સહન કરી શકાય, અનાથોને મદદ કરી શકાય, અને નિર્બલપર દુર્બલનો અત્યાચાર થતો રોકી શકાય તથા આવાં અનેક સ્વપરહિતનાં કાર્યો કરી શકાય.

મી. બેરો ( Mr. Barrow ) નું કથન છે કે બીજાની કમાઇપર આપણું જીવન વ્યતીત કરવું એ કીડાના જેવું છે. તેનાથી પબ્લીકની યા પોતાની સેવા થઇ શકતી નથી.

કારણ કે એવું કોઇ પણ કાર્ય નથી કે જે વિના શ્રમે થઇ શકે. શ્રમથી કેવું ફળ થાય છે, તેના માટે એક નાનું સરખું ઉદાહરણ આપવામાં આવે છે. એક બુઢ્ઢાએ પોતાના મરણ વખતે પોતાના ત્રણ આળસુ છોકરાઓને બોલાવ્યા. તે જાણતો હતો કે આળસુ છોકરાઓ મારા મરણ પછી ભૂખે મરશે. તેથી તેણે એક ઉપાય શોધી કાઢયો, તેણે છોકરાઓને કહ્યું કે આપણા ખેતરમાં ધન દાટેલું છે તે તમે મારા મરણ પછી કાઢજો. પિતાની ઇચ્છા પ્રમાણે તેના મરણ પછી છોકરાઓએ ધનપ્રાપ્તિ માટે ખેતર ખોદવા માંડયું. આખું ખેતર ખૂબ ઉંડું ખોદ્યું પણ ધન તો બીલકુલ નીકળ્યું નહિ. આખરે તેઓએ નિરાશ થઇ તે ખેતરમાં અનાજ વાવ્યું. ખેતર બરાબર ખેડાયલું હોવાથી તે વખતે પુષ્કળ અનાજ થયું અને તેથી ઘણી આવક થઈ. જો આ પ્રમાણે ખેતર ખેડાયું ન હોત તો આટલી આવક કદાપિ થાત નહિ.

પરિશ્રમ કરવો એ જોકે કઠીન લાગે છે પણ અન્તે આનન્દ થાય છે. તેનાથી નિર્ધનતા દૂર થાય છે એટલુંજ નહિ પણ કીર્ત્તિએ વધે છે. પરિશ્રમ વિનાનું જીવન વ્યર્થ છે, પરિશ્રમ એજ મનુષ્યનું ગૌરવ છે, પરિશ્રમ બોજારૂપ લાગે છે પણ વાસ્તવિક રીતે તેમ નથી; શ્રમ વિના મનુષ્ય નિર્બલ થઇ જાય છે.

ચાહે મોટું કામ હોય, ચાહે છોટું કામ હોય, ચાહે માનસિક હોય, ચાહે શારીરિક હોય પણ શ્રમ વિના થઈ શકતું નથી. સભ્યતા, શિષ્ટતા, પરોપકાર આદિ અનેક ગુણોનો આધાર પરિશ્રમ ઉપર છે. પરિશ્રમ રંકને રાજા બનાવે છે, અભણને વિદ્વાન બનાવે છે. પરિશ્રમથી મનુષ્ય પ્રતિષ્ઠાને પાત્ર થાય છે. અહિંઆં પરિશ્રમ એટલે શારીરિક પરિશ્રમ હું કહેતો નથી, પણ શારીરિક અને માનસિક બન્ને કહું છું કારણ કે શારીરિક પરિશ્રમ તો પશુઓ પણ ક્યાં નથી કરી શકતાં ! જે પુરૂષ શારીરિક અને માનસિક બન્ને પ્રકારનો શ્રમ કરે છે, તેજ પુરૂષ પરિશ્રમી કહેવાય છે. શરીર પોષણ માટે પરિશ્રમની જરૂર છે એમ નહિ પણ સામાજિક ઉન્નતિ માટે પણ શ્રમની જરૂર છે.

પરિશ્રમથી ધન પેદા કરનાર મનુષ્ય અપવ્યયથી ખર્ચ કરી નાખે તો તે કદાપિ ધનવાન કહેવાય નહિ. જે મનુષ્ય કરકસરથી ધન સંચય કરી સુમાર્ગે વ્યય કરે છે તે ધનવાન કહેવાય છે. કરકસર ઘણું કામ કરે છે તે સ્વપરની આજની હાજતો પૂર્ણ કરે છે અને ભવિષ્યની હાજતો પૂર્ણ કરવા સામગ્રી તૈયાર કરે છે. એડવર્ડ ડેનીસન ( Edward Denison) નું કથન છે કે મનુષ્યોએ સદૈવ ભવિષ્યની આવશ્યકતાઓ પર ખ્યાલ રાખવો જરૂરનો છે, પણ દુનિયામાં એવા મનુષ્યોની સંખ્યા વધારે છે કે જેઓ ભવિષ્યનો ખ્યાલ બિલકુલ કરતા નથી. તેઓ પોતાની ભૂતકાળની સ્થિતિ ભૂલી જાય છે માત્ર તેઓને વર્તમાનનીજ ચિંતા હોય છે. તેઓ પોતાની સર્વ આવકનો અપવ્યય કરી નાંખે છે અને આખરે નિર્ધન અવસ્થામાં આવી જાય છે. આવી રીતે આખો દેશ ને આખા સમાજ નિર્ધન થઇ જાય છે અને અણીના પ્રસંગે કંઇ પણ કરી શકતા નથી.

સમાજમાં બે પ્રકારના મનુષ્ય જોવામાં આવે છે—કોઇ મદદ કરવાવાળા—કોઇ ઉડાઉ; કોઇ દૂરદર્શિ—કોઇ અદૂરદર્શિ—મિતવ્યયી—અપવ્યયી; નિર્ધન યા ધનવાન્. જે મનુષ્ય પરિશ્રમ કરી કરકસરથી કાંઇ પણ બચાવે છે તે દિવસે બમણી અને રાત્રે ચાર ગણી ઉન્નતિ કરી શકે છે; ધીમે ધીમે વ્યાપાર વધારી શકે છે; કારખાનાઓ ખોલી શકે છે; અનેક પ્રકા-

રના નવીન હુન્નરો કરી શકે છે અને સ્વપરને ઉપકારી થઈ પડે છે. જગતની ઉન્નતિ આવા મનુષ્યોથીજ થાય છે. જગતની ઉન્નતિમાં અપવ્યયી મનુષ્યનો બીલકુલ ભાગ નથી. અપવ્યયી સદા મિતવ્યયીનો દાસ બની રહે છે.

**મિતવ્યયીતાનો અભ્યાસ.**

આપણે પરિશ્રમથી ધન એકત્ર કર્યું પણ તેનો બચાવ કરતાં શિખવાની જરૂર છે. સુખ અને શાન્તિ ક્યારે મળી શકે કે જ્યારે આપણે તે લાભ ઉઠાવવાના ઉપાયો કામ લઇએ ત્યારેજ. લોકો મજૂરી કરી પૈસા પેદા કરે પણ મિતવ્યય વિના સમાજથી સંતોષ કારક ઉન્નત્તિ કેવી રીતે કરી શકે! કોઈ પણ સમાજને ધનના અભાવથી જેટલી હાનિ પહોંચે છે તેનાથી વિશેષ ધનના દુરૂપયોગથી પહોંચે છે. ધન પેદા કરવું સહેલ છે પણ ખર્ચવું અતિ કઠિન છે. મિતવ્યય સાચવવા માટે ફક્ત ઇન્દ્રિયો વશીભૂત કરવાની જરૂર છે. કોઇ પણ મનુષ્ય એમ નહિ કહી શકે, કે કરકસરની જરૂર નથી! કરકસર કાંઇ આપણને હાનિ કરતી નથી ઉલટું આપણી પ્રતિષ્ઠામાં વધારો કરે છે. કરકસર કરવામાં કોઈ અસાધારણ શક્તિની જરૂર નથી. તેના માટે સાહસ ખેડવાની જરૂર નથી, ફક્ત સ્વાર્થ યુક્ત ભોગ વિલાસોને–વાસનાઓને છોડવી પડે છે–ઇન્દ્રિય દમન કરવું પડે છે. આપણી સઘળી આવક આપણે ભોગ વિલાસમાં ખર્ચીએ અને આપણા બાલકો સ્ત્રી આપણા જ્ઞાતિ બંધુઓ વગેરે માટે કાંઇ પણ હિસ્સો ન રાખીએ એ કેવી સ્વાર્થ યુક્ત વાત કહેવાય! મ્હેં જોયું છે કે કેટલાક મનુષ્યોની આવક તેમના જીવન પર્યંત સારી રહી પરન્તુ તેઓએ પોતાના બાલ બચ્ચા માટે કાંઇ પણ બચાવ્યું નહિ. હાલ તેમનાં બૈરી છોકરાં ઘરે ઘેર ભીખ માગે છે. તેમનો કોઇં રક્ષક નથી; ચાહે જીવે કે મરે! આવા મનુષ્યોથી બીજું વધારે સ્વાર્થી કોણ હોઇ શકે! મનુષ્યો કઠિન બોજા રૂપ ભાસતો એવો પરિશ્રમ કરે છે પણ અપવ્યયથી દૂર થઇ શકતા નથી એ કેવી અજાયબી ભરેલું છે. ધનનો મિતવ્યય કરવાથી કદિ કોઇને આધિન રહેવું પડતું નથી, એ સ્વાધિનતા સ્વતંત્રતાનું મૂળ છે. બુલ્વર ( Bulwer )નું કથન છે કે રૂપિયા ગુણ–યશ અને ગૌરવ છે ફક્ત જો તેનો યોગ્ય વ્યય થાય તો તેનાથી સત્ય, શીલ, ઉદારતા, દયાળુતા, ન્યાયપરાયણતા ને દૂરદર્શિતા આદિ અનેક ગુણો પ્રગટે છે. જો તેનો અપવ્યય કરવામાં આવે તો લોભ–કૃપણતા આદિ અનેક અવગુણો પ્રગટે છે.

જે મનુષ્યો જેટલું કમાય તેટલું ખાઇ જાય તો તેમની ઉન્નત્તિ થતી નથી. તેઓ નિર્બળ થઈ પોતાની જાતને દરિદ્રાવસ્થામાં મૂકે છે. તે સ્વપરનું ગૌરવ ખોઇ નાખે છે. જે મનુષ્ય પોતાની આવકમાંથી કંઇ પણ જમા કરતો રહે છે તે કદાપિ ભાગ્યનો શિકાર બનતો નથી. તે વૃદ્ધાવસ્થામાં સુખ અને શાન્તિમય જીવન ગાળી શકે છે. વિચારશીલ મનુષ્ય ભવિષ્યનો ખ્યાલ કરીને સારા વખતમાં બુરા વખતને માટે તૈયારી કરી રાખે છે. તે પોતાના કુટુંબની સઘળી આવશ્યકતાઓ પૂર્ણ કરવા શક્તિમાન થાય છે. દરેક મનુષ્યે લગ્ન કરતી વખતે બહુ વિચાર કરવાનો છે—તેઓ કેટલી બારે માથે જુમ્મેદારી વ્હોરી લે છે તેનો બહુ થોડાજ વિચાર કરે છે. જે પુરૂષ લગ્ન કરવાને તૈયાર થાય છે તેણે તેજ સમયે વિચાર કરી દૃઢ સંકલ્પ કરવો જોઇએ કે હું કદિ બનતા ઉપાયે નિર્ધનતાને આધિન થઇશ નહિ. મારા બાલ બચ્ચાં સ્ત્રીઆદિ સમાજને ભાર રૂપ નહિ થઇ પડે. આવી સ્થિતિ જો હોય તોજ લગ્ન કરવા. કેટલાક ગરીબ લોકો પોતે પૈસાદાર છે એમ જણાવવા માટે નકામું ખર્ચ ખુબ કરે છે. ઘણા લોકો પૈસા પેદા કરવાની યોગ્યતા ધરાવે છે, પણ કરકસર કરી

જાણતા નથી. તેઓ પૈસા પેદા કરવામાં ચતુર છે પણ વ્યય કરવામાં મૂર્ખ છે. લોકો ઇન્દ્રિયના ક્ષણિક સુખમાં ફસાઈ જાય છે. કરકસર કરવાની ટેવ ત્યારેજ પડે કે જ્યારે આપણા મગજમાં આપણા આધિન કુટુંબ અને સમાજની ઉન્નત્તિનો ખ્યાલ હોય. આ ખ્યાલથી અપવ્યય દૂર થાય છે અને અનાવશ્યક ચીજોની આવશ્યકતા દૂર થાય છે. કેટલાક મનુષ્યોને એવી ટેવ હોય છે કે જો કોઇ ચીજ સસ્તી મળે તો તેની આવશ્યકતા ન હોય પણ તે ખરીદ કરી લે. આથી તેઓ અપવ્યયી થઇ જાય છે. હોરેશ વાલપોલે (Horace Walpole) એક વખત કહ્યું હતું કે હવે હું કોઇ પણ ચીજ નહિ ખરીદુ કારણ કે મારા ઘરમાં એક છેંચ પણ જમા નથી અને પાસે એક પાઈ પણ નથી.

દરેક મનુષ્યે યુવાવસ્થામાં કરકસરના અભ્યાસથી એટલી રકમ બચાવવી જોઇએ કે વૃદ્ધાવસ્થામાં શાન્તિથી જીવન વ્યતિત કરી શકાય. જે માણસે પોતાની જીંદગીનો મોટો ભાગ મોજમજામાં ગાળ્યો, અને અંત દશામાં અન્નથી ભૂખે મરે, અને બીજા આગળ હસ્ત પસારે તે મનુષ્યની દશા કેટલી શોચનીય ગણાય? સેમ્યુઅલ જ્હોનસન ( Samuel johnosn ) દરિદ્રતાથી એક વખત બરાબર પરિચીત થયો. તેની તેનું નામ જ્હોનસનને બદલે ડીનરલેસ ( Dinnerless ) લખે એવી સ્થિતિ આવી ગઈ. તે ગલીઓમાં ભીખ માગી ખાતો. તેને રાત્રીના વખતમાં પડી રહેવાને જગા પણ મળતી નહોતી. તે અવસ્થા તે આખી ઉમર ભર ન ભૂલ્યો. તે તેના દરેક મીત્રોને કહેતો કે ઋદ્ધિ અને વૃદ્ધિનો માર્ગ કરકસર છે, તે કરકસરને "દૂરદર્શિતાની પુત્રી, સંયમની ભગિની અને સ્વતંત્રતાની માતા ગણતો હતો." તે કહેતો કે નિર્ધનતાથી પરોપકારનાં દ્વાર બંધ થઈ જાય છે. નિર્ધનતા એ મનુષ્યનો કટ્ટો શત્રુ છે, તે સ્વતંત્રતાનો ઘાત કરે છે. મિતવ્યયથી સ્વાર્થ ત્યાગનો પ્રાદુર્ભાવ થાય છે. સંયમની વૃદ્ધિ થાય છે. દૂરદર્શિતા તેનો મૂળ મંત્ર છે. તે વિષયવાસનાનું દમન કરે છે. સુખ અને શાન્તિ અર્પે છે. ભય, ચિન્તા, કે આકુલતા જેની અંદર આપણે ફસાઇ પડયા છીએ તેને દૂર કરે છે.

જો આપણે આ પ્રમાણે કરવા ધારીએ તો કરી શકીએ. કેટલાક કહે છે કે મારાથી આમ નથી બની શકતું પણ તે તેમની ભૂલ છે. તેમનું બુરું જેટલું 'નથી બની શકતું' એ શબ્દથી થાય છે એટલું કોઇથી થતું નથી. ઘણા મનુષ્યો પાન સોપારીમાં દરરોજના લગભગ બે આના ખર્ચ કરે છે, અને આવા બીજા અનેક ખર્ચ કરે છે. તેઓ એમ ધારે છે કે બે આનામાં શું? પણ જો વિચાર કરે તો તે આ ૨૦ વર્ષમાં કૂલ ૧૦૦૦ રૂ. બરબાદ કરી નાખે છે. આવું નકામું ખર્ચ ન કરતાં જો તેટલા પૈસા બચાવે તો સ્વપરનું કેટલું શ્રેય કરી શકે? દરેક મનુષ્યે ફક્ત પોતાની ભલાઇનો ખ્યાલ કરી બેસી રહેવું ન જોઇએ, પણ બીજાઓનો સાથે વિચાર કરવો જોઇએ. સદા ઉચ્ચ બનવા પ્રયત્ન કરવો. કદી પોતાને નીચ ધારી નીચ બનવા પ્રયત્ન ન કરવો. સમાજના સુધારાનો આધાર વ્યક્તિગત મનુષ્યના ઉપર છે. વ્યક્તિની એકત્રતાથી સમાજ બને છે. હવે જો દરેક વ્યક્તિ પોતે સ્વાવલંબી થઇ પોતાનું શ્રેય કરે તો ખુલ્લુંજ છે કે સમાજની પણ ઉન્નત્તિ થાય. સમાજની ઉન્નત્તિ એ વ્યક્તિગત ઉન્નત્તિનું પરિણામ છે. જે લોકો પોતાનું કર્તવ્ય પાલન કરે છે તે બીજાને પણ પોતાના જેવો કરી શકે છે.

દરેક મનુષ્ય જીવનની અસારતા જાણે છે. જીવન ક્ષણભંગુર છે. બળવાન્ અને નિરોગી પણ કંઈ પણ રોગના કારણથી કાળના ગ્રાસ બને છે. જીવન આંકી શકાય તેમ નથી.

આવું જાણતા છતાં જે મનુષ્ય અપવ્યય કરી પોતાના કુટુંબના માટે પણ કંઇ નથી બચાવતા તે ધર્મથી પરાઙ્મુખ થાય છે. તેઓ નાસ્તિકથી પણ બુરા છે. કેટલાક લોકો એવા વિચાર કરે છે કે " શું અમને કોઈ સાહાય્ય નહિ કરે ? પણ આવા ત્રાસજનક શબ્દો કોઇના મુખમાંથી નીકળવા ન જોઇએ. દરેકે ' આપ સમાન બળ નહિ, અને મેઘ સમાન જળ નહિ ' એ વાત ધ્યાનમાં રાખવી જોઇએ.

હાલના સમયમાં કારીગર લોકો કે જેઓના ઉપર આપણો મુખ્ય આધાર છે તેઓ એટલા બધા પૈસા કમાય છે કે જો કરકસરથી તે બચાવવામાં આવે તો તેઓ ધનવાન થઈ સ્વપરનું શ્રેય કરી શકે પણ આ લોકો બહુ ઉડાઉ રહે છે. તેઓ અદૂરદર્શિ હોઇ પોતાને હાનિ પહોંચાડે છે. એટલુંજ નહિ પણ આખી જાતિને નુકસાન પહોંચાડે છે. ચડતીના સમયમાં મરજી મુજબ ખર્ચ કરી પડતીના સમયમાં આપતિમાં ફસાઇ જાય છે. આ સર્વ બાબત ઉપરથી મારો એમ કહેવાનો વિચાર નથી કે કૃપણતાથી સંમેલન કરી મોટા ધનવાન્ ( ખોટા ધનવાન્ ) થવાની ઇચ્છા રાખવી. કૃપણતાથી ધન સંમેલન કરેલું કાંકરા બરોબર છે, મનુષ્ય ધન એકત્ર કરે એટલે ધનવાન્ કહેવાતો નથી પણ જે ધનનો સંચય કરી સુમાર્ગે વ્યય કરે તે ધનવાન્ કહેવાય. કરકસરને લોભ–લાલચ–સ્વાર્થ સાધન ઇત્યાદિ સાથે કાંઇ પણ સંબંધ નથી. ધન સંચય કરવાનો બીજો આશય સ્વતંત્રતા મેળવવાનો છે. સર્વ મનુષ્યોએ ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરવું અને કરકસરથી બચાવી સત્કાર્યોમાં યથાશક્તિ વાપરવું. '**एनकेन प्रकारेण**' ધન સંચય કરવું એ મનુષ્યના જીવનનો ઉદ્દેશ નથી.

અદૂરદર્શિતા એ એક દુઃસાધ્ય રોગ છે. અદૂરદર્શિતા ટળી જાય તો માણસો ભવિષ્યનો વિચાર કરી આવકમાંથી કંઈ પણ બચાવે. ખરી રીતે જોતાં આપણા દેશનો આધાર કારીગર વર્ગ ઉપર રહેલો છે તેઓ અદૂરદર્શિ હોય તો દેશની સ્થિતિ ક્યાંથી સુધરે ! તેઓમાંના ઘણા કુછંદોમાં ધનનો અપવ્યય કરે છે. કેટલાક મનુષ્યો કહે છે કે અમુક કાયદા સારા નથી. અમુક રાજ્યનીતિ આ પ્રમાણે ન હોવી જોઇએ, પણ હું કહું છું કે કોઇ પણ દેશની અન્યાયથી જેટલી હાનિ થઇ છે તેથી વધારે તે રાજ્યની પ્રજાની ખરાબ વાસનાથી થઈ છે. લોકો ઘણા ભાગે આળસ, અપવ્યય, અસંયમ, કુચરિત્ર આદિ અનેક દુર્ગુણોમાં પડયા રહે છે અને સ્વપરને હાનિ કરે છે. તેઓને આ સર્વ દુર્ગુણો છોડી દઇ સાહસ અને ધૈર્યથી આગળ વધવું ઉપયોગી છે. ઉપર કહ્યા મુજબ જેમ કારીગર વર્ગ મોટા ભાગે અપવ્યયી છે તેમ ભારતના બ્રાહ્મણો અને વૈશ્યોની પણ આવી સ્થિતિ છે. તેઓની આવક કાંઈ ઓછી નથી, દૈનિક ખર્ચ પણ કંઇ અધીક નથી છતાં તેઓની ખરાબ દશા આવી જાય છે. તેઓનું પાંચ પચીશ વર્ષથી પેટે પાટા બાંધી એકત્ર કરેલું દ્રવ્ય તેઓના છોકરા છોકરી પરણાવવામાં ઉડી જાય છે. તેઓમાંના કેટલાકને કર્જ કરવું પડે છે અને ખરાબ સ્થિતિના ભોગ થવું પડે છે.

**બચવાનો ઉપાય.**

આ સર્વ જાણ્યાબાદ એ પ્રશ્ન ઉઠે છે કે આ બુરાઇઓને દૂર કેવી રીતે કરવી ? આ બધી બુરાઇનું કારણ અજ્ઞાનતા છે. ભારતની અંદર વિદ્યાનો પ્રચાર બહુજ થોડો છે. જેઓને વિદ્યા આપવામાં આવે છે તેઓને એક તરફનીજ આપવામાં આવે છે. સ્ત્રીઓ કે જેનાપર સર્વ ઉન્નતિનો આધાર છે તે મૂર્ખ અને અભણ અવસ્થામાં છે. જ્યારે જ્ઞાનરૂપી સૂર્યનો પૂર્ણ પ્રકાશ

થશે ત્યારેજ મનુષ્યો વિચારશીલ થશે—દૂરદર્શી થશે અને મિતવ્યય આચરશે. જો કેદીઓનું રજીષ્ટર તપાસવામાં આવે તો ૧૦૦ માં ૯૯ અભણ માલુમ પડશે. દારૂપીઠાઓમાં જો દારૂડીયાઓની સંખ્યા જોઇએ તો તેમાં ૧૦૦ માં ૯૯ અભણ માલુમ પડશે. સમસ્ત જનમંડળમાં કેળવણીનો પ્રચાર થશે એટલે દૂષણો એની મેળે નાશી જશે. એટલું ધ્યાનમાં રાખવાનું છે કે પોપટના જ્ઞાન જેવી વિદ્યા ન આપવી. વ્યવહારિકની સાથે નૈતિક શિક્ષણ આપવું જોઇએ. પ્રેકટીકલ જ્ઞાન આપવાની ઘણી જરૂર છે. મનુષ્યના જીવનમાં બે બાબતો વિચારણીય છે. એક ધન પેદા કરવું અને બીજું તેનો વ્યય. તેના અંગે દૂરદર્શીતાની જરૂર છે અને તે સુશિક્ષણદ્વારા મળી શકે છે.

**ઉદાહરણ.**

કેટલાક મનુષ્યો એમ કહે છે કે અમારી આવક થોડી છે અને અમે કેવી રીતે બચાવી શકીએ ! પણ ઉત્તમ પ્રકારના ગૃહપ્રબન્ધથી ( આવકનો ચોખ્ખો હિસાબ આવક પ્રમાણેનીજ આવશ્યકતાઓ બચાવવાની ખાતર બચાવવું નહિ, પણ સુમાર્ગે વ્યય કરવા યા ભવિષ્યને માટે ઉપયોગી થાય તેટલા માટે પૈસા બચાવવા જોઇએ). કેટલાક થોડી આવકવાળા મનુષ્યો યશસ્વી થઇ ગયા છે તે નીચેના ઉદાહરણોથી જણાશે. આવાં ઉદાહરણો પાંચપચાશ નહિ, પણ હજારો મોજુદ છે. ઇશ્વરચન્દ્ર વિદ્યાસાગરનું નામ કોણ નથી જાણતું ? તેના પિતા નિર્ધન છતાં તેના પુત્રને ભણાવી 'વિદ્યાસાગર' બનાવ્યો. વિદ્યાસાગરે પોતે ૫૦) રૂ. ના પગારમાં પોતાના આખા કુટુંબનું પોષણ કર્યું, અને અનેક વિદ્યાર્થીઓને મદદ કરી. ગરીબ લોકોને તે બહુ મદદ કરતો. જેમ્સ ગારફીલ્ડ ( James Garfield ) લુહારને ત્યાં મજુરી કરતો, અને જે પૈસા મળે તેમાંથી પોતાના કુટુંબનું ભરણ પોષણ કરતો; અને પોતાના અભ્યાસ માટે થોડા વાપરતો. ધીમે ધીમે આ રીતે ભણતાં તે અમેરીકાનો પ્રેસીડેન્ટ (સર્વોચ્ચપદ) થયો. માણસથી કંઇપણ ન થઈ શકે એવું છેજ નહિ ! આ મારાથી નહિ બની શકે, આ મારી શક્તિની બહાર છે, ઇત્યાદિ શબ્દોને દેશનિકાલ કરવા જોઇએ. મનુષ્ય ગમે તેવી અવસ્થામાં હોય પણ જો આળસ છોડી કાર્ય કરે તો ઉચ્ચપદવી પ્રાપ્ત કરી શકે. જે મહાન માણસો થઈ ગયા છે તે નાની નાની ચીજોની આવશ્યકતા સમજીને થયા છે. કેટલાક મનુષ્યો નાની નાની ચીજોની બેપરવાઈ કરે છે પણ જરા વિચાર કરે તો જણાશે કે નાની નાની કુટેવો સુધારવાથી આખું આચરણ શુદ્ધ થઇ જાય છે. નાનાં કાર્યો કરવાથી ધીમે ધીમે મોટું કાર્ય કરી શકાય છે. જે મનુષ્ય એકદમ આખો લાડુ ખાવા ચાહે છે તે ખાઈ શકતો નથી પણ કકડે કકડે ખાઇ જવાય છે. એક અક્ષર શિખતાં શિખતાં વિદ્વાન્ થવાય છે તેમ પૈસા પૈસાના બચાવનારા આખો રૂપિયો બચાવી શકે. આ દુનિયામાં કંઇપણ ચીજ નકામી નથી. સર્વનો પ્રસંગ આવે ખપ પડે છે તો કોઈ પણ ચીજનો દુરૂપયોગ કરવો નહિ.

જો આપણે આપણું શ્રેય કરવા ઇચ્છા કરતા હોઇએ તો કોઇના વાદ (ખરાબ કાર્યમાં) ન કરવા, જગત્ આપણા માટે શું કહે છે તે તરફ લક્ષ ન રાખવું. આપણી ખરાબ અવસ્થામાં ભાગ લેવા જગત્ કદી આવનાર નથી તેતો ફક્ત બે ચાર દિવસ બોલી બંધ પડી જશે. કેટલાક પાશ્ચિમાત્ય લોકો માફક કપડામાં બે સુમાર ખર્ચ કરે છે અને તેથી પણ વધારે તેઓ પોતાના છોકરાઓના લગ્ન કરવાના મોટા ઉત્સવોમાં, મેળાઓમાં, ને જન્મ મરણાદિ પ્રસંગોમાં પણ મોટા ખર્ચ કરે છે. ધનિકોની દેખાદેખીથી ગરીબમાં ગરીબ પણ પોતાનું દુનિયામાં સારૂ કહેવાય એટલા માટે પોતાની આવક ન હોય, ભવિષ્યમાં દેવું વાળવાની શક્તિ

ન હોય છતાં કરજ કરી ભારે ભારે ખર્ચ કરે છે. કેટલાક લોકો પોતે ધનવાન છે એમ બતાવવા અનેક પ્રકારના નકામા ખર્ચ કરે છે. આ સર્વ અપવ્યયજ છે તે દૂર કરવો જોઇએ. ટુંકામાં કહેવાનું કે મનુષ્યોએ નીચેના નિયમો ખાસ યાદ રાખવા તેથી ભવિષ્યમાં કદિ આપત્તિમાં ફસાવવાનો સમય આવશે નહિ.

૧. હમેશાં મળીને કાર્ય કરો. બે એકડા મળવાથી અગિયાર થાય છે તેમ બે માણસ મળવાથી અગિયાર જેટલું કામ કરી શકે છે.

૨. સદા યાદ રાખો કે તમારા જીવનનો આધાર શ્રમ ઉપર છે. અંત સમય સુધી શ્રમને ન ત્યાગો.

૩. સમય સોનું છે એક પળ પણ નકામી ન ગુમાવો. પ્રત્યેક પળને શુભ કાર્યમાં યોજો.

૪. જે કાર્ય આજ થઈ શકે તે કાલપર મુલત્વી ન રાખો.

૫. જે કાર્ય તમારાથી થઈ શકે તે બીજાને સોંપો નહિ. " આપ સમાન બળ નહિ મેઘ સમાન જળ નહિ. "

૬. જે ચીજ તમારી નથી તેની કદાપિ ઇચ્છા ન કરો.

૭. કોઇ પણ ચીજને તુચ્છ ન ગણો.

૮. સદા પરોપકારનો અભ્યાસ કરો.

૯. જીવન સદા સરલતા અને કરકસરથી વ્યતીત કરો. ધનનો સર્વદા સારા માર્ગે વ્યય કરો. કહ્યું છે કે—

If thou art rich thou'st art poor
For, like an ass whose back with ingots bows
Thou bear'st thy heavy riches but a journey,
And death unloads thee. —*Shakespeare.*

જો તમારી પાસે ધન છે પણ તેનો સદુપયોગ નહિ કરો તો તે ધન તમારા શિરપર એક બોજો છે; જે મરણ સમયેજ ઉતરશે. વળી—

अर्थ दूषण कुबेरोऽपि भवति भिक्षा भाजनम् ।
अतिव्ययोऽपात्र व्ययश्च भवत्यर्थ दूषणम् ॥

॥ मितव्ययिता ग्रन्थका सार ॥

કાન્તીલાલ અમૃતલાલ શાહ. ગોધાવી.

---

## श्री श्रेयस्कर मडळ तरफथी जैन शाळोपयोगी शिक्षण क्रमनी थएली व्यवस्था अने तत्संबंध स्वाभिप्राये सुधारो.

શ્રેયસ્કર મંડળના કાર્યવાહક સુશ્રાવક વેણીચન્દ સુરચન્દ તરફથી જૈન શાળોપયોગી શિક્ષણ ક્રમની કોપી અભિપ્રાયાર્થે મોકલવામાં આવી તત્સંબંધી નીચે પ્રમાણે સ્વાભિપ્રાય.

સુશ્રાવક વેણીચંદનો પ્રયાસ સ્તુત્ય છે. તેમની વિચાર શૈલીએ તેઓ જૈન ધાર્મિક જ્ઞાન પ્રસારવા અત્યંત પ્રયત્ન કરે છે. તેઓ કર્મયોગીની કોટીમાં ગણાવા લાયક શ્રાવક છે.

૧. જૈન શાલોપયોગી શિક્ષણ આપતાં પૂર્વે તેનો જે ક્રમ રચાયો છે તેમાં ધાર્મિક

ધોરણની વ્યવસ્થા કરવાની જરૂર છે. ધાર્મિક ધોરણના ક્રમવાર બાળકો અને કન્યાઓને શિક્ષણ ક્રમનાં પુસ્તકોની નિયતિ થવી જોઇએ, અને સર્વત્ર તદ્વર્ગ ધોરણાનુસારે પરીક્ષા લેવી જોઇએ.

૨. ગામોગામની જૈન શાળાઓમાં ધોરણ ક્રમાનુસાર ચલાવવામાં આવતાં ધાર્મિક પુસ્તકોનો જૈન સાક્ષરોની બહુ સમ્મતિથી નિર્ણય થવો જોઈએ.

૩. બાળકોને જે ક્રમ શિક્ષણ માટે નિયત કર્યો છે, તેનો બાળકો હૃદયમાં ભાવ ઉતારી શકે એવું તદ્દતદ્ વિષયોપર પૂર્ણથી શિક્ષકોને જ્ઞાન આપવું જોઇએ.

૪. અન્ય દર્શનો અને જૈન દર્શનના આચારો વિચારોનું ધોરણવાર ક્રમે ક્રમે ઉપયોગી તુલનાત્મક શિક્ષણ મળવું જોઇએ.

૫. સમગ્ર ભારતમાં જૈન ધાર્મિક શિક્ષણની એક સરખી વ્યવસ્થા અને એક સરખી પરીક્ષા થાય એવા વિચારોને અનુસરી શિક્ષણ ક્રમ ગોઠવવો જોઈએ.

૬. જે જે સૂત્રો શિખવવામાં આવે તેનું તેઓની બુદ્ધિમાં ઉતરે એવું ભાવાર્થજ્ઞાન આપવું જોઈએ. સૂત્રોનું ભાવાર્થજ્ઞાન વિદ્યાર્થીઓને યાદીમાં રહે એવી રીતે શિક્ષકોએ શિક્ષણ આપવું જોઇએ.

૭. જે કન્યાઓ ગુજરાતી જ્ઞાન ન ધરાવતી હોય તેઓને ગુજરાતી વ્યાકરણ દ્વારા જ્ઞાન આપવું જોઇએ અને ગુજરાતી ધર્મ સાહિત્યના સર્વ ગ્રન્થો સ્વયમેવ વાંચી શકે એવી યોજના ઘડીને શિક્ષણ આપવું જોઈએ. કન્યાઓને અને વિવાહિત શ્રાવિકાઓને ભરત, શિવણ અપાય એવી વ્યવસ્થા ઘડવી જોઈએ અને તેનું શિક્ષણ આપવું જોઇએ.

૮. જૈન કન્યાઓ તથા શ્રાવિકાને ધાર્મિક અભ્યાસ કરાવવા માટે જૈન સ્ત્રી શિક્ષકો તૈયાર થાય એવો પ્રબંધ પ્રથમ કરવો જોઇએ કે જેથી જૈન પુરૂષ શિક્ષકો તરફથી સ્ત્રી વર્ગમાં થતા ઘોટાળા દૂર થાય અને સ્ત્રી શિક્ષકોથી જૈન સ્ત્રીવર્ગને સારી રીતે શિક્ષણ આપી શકાય.

૯. જૈન વિદ્યાર્થીઓ માટે નીતિશિક્ષણ વડોદરાનું ધાર્યું છે તથા જૈન હિતબોધ તથા જૈન હિતોપદેશના ત્રણ ભાગ તે અમુક દૃષ્ટિએ યોગ્ય છે, પરન્તુ કયા ધોરણવાળાને તે ગ્રન્થો ઉપયોગી છે તેનો નિર્ણય સાક્ષરોદ્વારા કરાવવો જોઇએ. બાઇઓના વાંચન માટે ધાર્મિક પુસ્તકોમાં પણ ફેરફાર કરવાની જરૂર છે.

૧૦. સર્વ ધર્મોની ઉત્પત્તિ–તેનાં તત્ત્વોની સાથે જૈન ધર્મનાં તત્ત્વોનો મુકાબલો કરીને તેની ઉત્તમતા સિદ્ધ થાય એવી રીતે પ્રથમ માસ્તરોને શિક્ષણ આપવું જોઇએ અને પશ્ચાત્ માસ્તરોએ વિદ્યાર્થિયોની બુદ્ધિમાં જે પ્રમાણે ઉતરે તેવી રીતે તે બાબતોનું તર્કશક્તિ વધે તેવી રીતે જ્ઞાન આપવું જોઇએ.

૧૧. ભાષણ શક્તિ ખીલે એવો પ્રયત્ન કરવો જોઇએ. જૈન ધર્મના અનેક મત ભેદોના જ્ઞાનની સાથે વર્તમાનમાં કેવી રીતે વર્તવું તેનું જ્ઞાન આપી જૈન ધર્મ પ્રગતિના ઉપાયોનું શિક્ષણ આપવું જોઇએ.

૧૨. જૈન ધર્મનો વિશ્વમાં કેવી રીતે ફેલાવો થાય, જૈન ધર્મના ફેલાવા માટે અને જૈનોની સંખ્યાની વૃદ્ધિમાટે દરેક જૈનનું શું કર્તવ્ય છે તે જૈનધર્મનું શિક્ષણ લેનારાઓના હૃદયમાં ઠસાવવું જોઇએ. માસ્તરોને પ્રથમથી એવું જ્ઞાન મળે એવાં પુસ્તકો શિખવવાં જોઇએ.

૧૩. હાનિકારક રિવાજો સમજવાનું જ્ઞાન આપવું જોઇએ અને જૈન ધર્મની ઉન્નતિ થાય એવા જે જે સુધારા કરવા લાયક હોય તેઓનું જ્ઞાન પણ આપવું જોઇએ.

૧૪. જૈન ધર્મની પ્રાચીનતા સંબંધી જૈન બાળકોને સારી રીતે જ્ઞાન આપવું જોઇએ.

૧૫. ધાર્મિક ક્રિયાઓથી થતા ફાયદા અને તે પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી થતા લાભનું સમ્યક્ શિક્ષણ આપવું જોઇએ.

૧૬. આત્માની માનસિક, વાચિક અને કાયિક શક્તિઓ ખીલવવા સંબંધી જ્ઞાન આપવું જોઇએ.

૧૭. ખાવું, પીવું, આરોગ્યના હેતુઓ–કેવા સ્થાનમાં વસવું, કેવી રીતે વર્તવું–વિશ્વમાં અન્ય કોમોની હરિફાઇમાં કેવી રીતે વર્તવાથી ટકી શકાય. વ્યવહારમાં અને ધર્મમાં કેવી-રીતે વર્તવાથી જીવન ઉચ્ચ થાય એ ઇત્યાદિ બાબતોનું જ્ઞાન આપવું જોઈએ.

૧૮. કન્યાઓ અને બાળકોને ધાર્મિક પુસ્તકો વાંચવાનું વ્યસન પડે એવી પ્રવૃત્તિ શિખવવી જોઇએ.

૧૯. પ્રત્યેક ધાર્મિક પ્રવૃત્તિઓના મૂળ ઉદ્દેશો–હેતુઓનું જ્ઞાન આપવું જોઇએ.

૨૦. સાધુઓ અને સાધ્વીઓ, ગુરૂઓ અને ગુરૂણીઓ પરત્વે પૂજ્યતા–સેવા સંબંધી ઉત્તમ શિક્ષણ આપવું જોઈએ અને તે પ્રથમ માસ્તરોએ આચારમાં મૂકી બતાવવું જોઇએ.

૨૧. ઉપયોગી સૂત્રો વિના અન્ય ગોખણપટ્ટીથી વિદ્યાર્થીઓના મગજને ભરી ન દેવું જોઇએ.

૨૨. જૈન શિક્ષકોની, શિક્ષણ કેવી રીતે આપવું તે માટે પ્રત્યેકના વિચારોની આપલે માટે વાર્ષિક સભા ભરવી જોઇએ અને સાક્ષર મુનિરાજોનાં પણ વ્યાખ્યાનો તે વખતે થાય એવી વ્યવસ્થા પ્રત્યેક વર્ષે શિક્ષણ ક્રમની સંસ્કૃતિ કરવી જોઇએ.

ઇત્યાદિ વિચારોને વાંચી વિચારશો. શિક્ષણ ક્રમના જણાવેલા વિચારો સત્ય છે તે પ્રમાણે વર્તન થવું જોઇએ અને તેમાં અન્યોના સદ્દવિચારોનો ઉમેરો થવો જોઇએ.

---

# अमारी नोंध.

**સંસ્કૃત ભાષાનો પ્રચાર અને ધર્મગુરૂઓની જાગ્રતિ**—ભાવિક હિંદુઓ પોતાના ધર્મગુરૂ તરફ અત્યંત ભક્તિભાવ ધરાવતા આવ્યા છે; પણ ગુરૂ શિષ્યનો સંબંધ કેવો જોઇએ તે વિષે તથા ધર્મના રહસ્ય વિષે અભ્યાસની ખામીને લઈ અજ્ઞાનતાએ ધર્મને અને ધર્મગુરૂઓને બીજાઓની નજરે કિંમત વિનાના કરી મૂક્યા છે; એમ આપણે ઘણી વખત સાંભળ્યું છે. પણ હાલમાં તેવા ધર્મગુરૂઓ પોતાની ફરજ શું છે તે વિચારવા લાગ્યા છે, અને થોડો ઘણો પ્રયાસ અમલમાં મુકવા પણ લાગ્યા છે. અમે અત્રે જૈન ધર્મગુરૂઓ માટે નહિ પણ વૈષ્ણવ ધર્મગુરૂઓ માટે કહીએ છીએ. તે બીના એ છે કે સુરત મધ્યે ગત અક્ષય તૃતીયાને દિવસે મોટા મંદીરમાં સંસ્કૃત પાઠશાળા ખુલ્લી મુકતાં ત્યાંના મહારાજશ્રી શ્રીજરત્નજીએ પોતાના વૈષ્ણવ ભક્તોને બહુજ ખુલ્લા શબ્દોમાં જણાવ્યું છે કે:–"ઘણી વખત એવું કહેવામાં આવે છે કે ધર્મગુરૂઓ ધર્મના સિદ્ધાંતો અમોને સમજાવતા નથી અને માત્ર મોજશોખમાંજ પ્રવર્તેલા હોય છે તો તે માટે મારે કહેવું જોઇએ કે ધર્મગુરૂઓને બગાડનારા વૈષ્ણવોજ છે. મહારાજોનું કામ પ્રભુસેવાનું અને પોતાના સેવકોમાં ઇશ્વરીસ્નેહ કરાવવાનું છે માટે મારી નમ્ર અરજ છે કે ઉપલા કામ સિવાય બીજા કામ માટે મને બગાડવાને મારી પાસે કોઇએ પણ આવવું નહિ." થોડા શબ્દોમાં તેમને ઘણું જણાવ્યું છે અને તે માત્ર લોકને ખુશી કરવા નહિ પણ અંતરનું બોલાયું છે. તેઓ તેજ ભાષણમાં જણાવે છે કે "સંસ્કૃત ભાષા જ્યાં સુધી જાણવામાં નહિ આવે ત્યાં સુધી

આપણા ધર્મશાસ્ત્રો જાણી શકાશે નહિ અને તે નહિ જાણીએ ત્યાં સુધી આપણો ધર્મ પણ આપણે જાણી શકવાના નથી......આપણી ખરી માતૃભાષા સંસ્કૃત છે તે સાધારણ ભાષા તરીકે થવી જોઇએ અને તેમ થશે ત્યારેજ સંસ્કૃતના વિસ્તીર્ણ સાહિત્યનો ઉપયોગ થશે, અને ત્યારેજ ધર્મ, અર્થ અને કામ એ ત્રણે સધાશે......"

સંસ્કૃત ભાષા અંગે દરેક ધર્માવલંબીઓનો આવોજ વિચાર હોવા છતાં ધર્મગુરૂઓનું તદ્દમાર્ગે ઓછું અથવા નહિ જેવું લક્ષ થઇ જવાથી અગાઉ જે ભાષા લગભગ દરેક વ્યક્તિઓ બોલતી–જાણતી તેનો પ્રાયે લોપ થયો અને તે ભાષામાં રહેલા ગ્રન્થોનું રહસ્ય જાણવાથી બેનશીબ રહેવાયું અને તેથી હિંદના દરેક ધર્મો આગળ વધવાને બદલે પાછળ હઠયા છે; અને તે જ્યારે પાશ્ચાત્ વિદ્વાનોએ પોતાના અનુકરણીય કાર્ય વડે બતાવી આપ્યું ત્યારે તે ભાષા ખીલવવા માટે હિંદનું લક્ષ દોરાયું છે; અને તે માટે ધર્મગુરૂઓએ પ્રયાસ કરવા માંડયો છે તે જોઈ તે ભાષાનો ઉત્કર્ષ જલ્દીથી થશે. એમ આશા ઉત્પન્ન થાય છે.

હિંદમાં એક સંસ્કૃત કોલેજ સ્થાપન થવાની હકીકત આપણે વાંચી ગયા છીએ. અને નાના મોટા ગામમાં તેને અંગે પાઠશાળાઓ પણ ઉઘડતી જાણવામાં આવતી જાય છે. તે જોતાં ઉપલી આશા અસ્થાને ગણાય નહિ તે છતાં એમ કહેવું જોઇએ કે તેવી મોટી પાઠશાળાઓમાં અભ્યાસક્રમ એકસરખો ગોઠવવામાં આવે અને તેવા અભ્યાસીઓની છેવટની પરીક્ષા ખાસ સંસ્કૃત કોલેજમાં લઈ કોઈ પદવી અર્પણ કરવાની વ્યવસ્થા થાય તો તે અભ્યાસીઓના આર્થિક હેતુ માટે પણ આકર્ષણીય થઈ પડે, અને મોટી સંખ્યા તે ભાષાની જાણકાર થાય છે. અમોને આ ભાષાના ગ્રન્થોમાં રહેલું રહસ્ય બીજી અન્ય ભાષાઓના ભાષાંતરોવડે યથાર્થ જાણી શકાતું નથી. એવો અભિપ્રાય ધરાવતા હોવાથી અને આપણી જૈન કોમમાં પણ તે ભાષાના જાણકારો બહુ અલ્પ હોવાથી અન્ય ધર્માવલંબીઓનો ઉત્તમ પ્રયાસ જાહેર કરવા આ નોંધ લેવી જરૂરી ધારી છે અને તેથી આશા છે કે જૈનધર્મના વિસ્તારને વધારવા માટે જૈન સમાજને પણ સંસ્કૃત પાઠશાળાઓ ઉપર જણાવી તેવી વ્યવસ્થાપૂર્વક વધારે ચલાવવાને આ હકીકત ઉપયોગી થઇ પડશે.

અમો હિંદુ ધર્મના બીજા દ્રવ્યવાન ધર્મગુરૂઓનું સુરતવાલા મહારાજશ્રીનું અનુકરણ કરવા ધ્યાન ખેંચીશું કે સ્વામીનારાયણ સંપ્રદાયના કરોડોની પુંજીના વહિવટ અંગે–ઘરની તકરારને લઈ–નામદાર સરકારને તેની વ્યવસ્થા પોતાના હાથ નીચે લેવા ગોઠવણ કરવી પડી છે તેવો પ્રસંગ અન્ય કોઇ માટે આવી ન પડે તે માટે માર્ગ એકજ છે કે પોતાનો વહીવટ ચોખ્ખો રાખવો અને તેમાંના દ્રવ્યનો સદુપયોગ સંસ્કૃત ભાષાના પ્રચાર માટે અને કિંમતી ગ્રન્થોનો પ્રકાશ કરવામાં કરવો; અને તેજસ્વ અને પરના માટે હિતકર્તા થઇ પડશે.

મજકુર સુરતની સંસ્કૃત પાઠશાળા માત્ર વણીક કોમ માટેજ નથી પણ શુદ્ર વગેરે ઇતર કોમને માટે પણ ખુલ્લી છે એમ જાહેર કરવામાં મહારાજશ્રીએ પોતાના હૃદયની વીશાળતા સાબીત કરી આપી છે. તે સાથે બહારગામથી આવનારા વિદ્યાર્થીઓ માટે ખાવાપીવા તથા સુવાની ગોઠવણ પોતા તરફથી કરવામાં આવશે એમ જાહેર કરી અન્ય ધર્મગુરૂઓને જાગૃત થવાને પ્રેર્યા છે તે માટે ધન્યવાદ ઘટે છે. સંસ્કૃત ગ્રન્થોનાં ભાષાંતરો પ્રકટ કરવા કરતાં તે ભાષાને ખીલવવા માટે તે મહારાજશ્રીના વિચારો જૈન સમાજે પણ યાદ રાખવા યોગ્ય છે.

# जैन शाळापयोगी शिक्षणक्रम तथा ते बाबत केटलीएक सुचनाओ.

૧. ધાર્મીક અભ્યાસ શરૂ કરનારને આરંભમાંજ ચોવીશ તિર્થંકરનાં તથા નવ પદનાં નામ શીખવવાં.

૨. સમાયિકનાં સૂત્રો પૂરાં થાય એટલે પ્રભુ દર્શન કરતી વખતે બોલવા યોગ્ય દુહા શીખવવા જે આ નીચે લખ્યા છે.

પ્રભુ દરિશન સુખ સંપદા, પ્રભુ દરિશન નવ નિધ;
પ્રભુ દરિશનથી પામીએ, સકલ પદારથ સિદ્ધ. ૧
ભાવે જીનવર પુજીયે, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવીયે, ભાવે કેવળજ્ઞાન. ૨
જીવડા જીનવર પુજીએ. પૂજાનાં ફળ હોય;
રાજા નમે પ્રજા નમે, આણુ ન લોપે કોય. ૩
ફુલડાં કેરા બાગમાં, બેઠા શ્રી જીનરાય;
જેમ તારામાં ચંદ્રમા, તેમ શોભે મહારાજ. ૪
ત્રિભુવન નાયક તું ધણી મહિ મોટો મહારાય;
મોટે પુન્યે પામીઓ, તુજ દરિશન હું આજ. ૫
આજ મનોરથ સવિ ફળ્યા, પ્રકટ્યા પુન્ય કલ્લોલ.
પાપ કર્મ દૂરે ટળ્યા, નાઠા દુઃખ દંદોલ. ૬

૩. ચૈત્યવંદનનાં સૂત્રો પુરાં થાય એટલે તે કરવાની વિધિ શીખવવી.

૪. બે પ્રતિક્રમણ પુરાં થાય એટલે ગુરૂવંદનની તથા સામાયિક લેવા તથા પારવાની વિધિ શીખવવી.

૫. તે પછી પ્રતિક્રમણના અર્થ શીખવવા, આ માટે અઠવાડીઆમાં ત્રણ દિવસ રાખવા.

૬. સકલાર્હત્ શીખવતી વખતે કયા શ્લોકથી કયા ભગવાનની સ્તુતિ થાય છે તે બતાવવું.

૭. પ્રતિક્રમણનાં સૂત્રો શીખવતી વખતે શરૂઆતથી પૂર્ણતા સુધી દરેક સૂત્રોના સંક્ષિપ્ત ભાવાર્થ શીખવવા. ( આ ભાવાર્થ શ્રી ભાવનગર જૈનધર્મ પ્રસારક સભા તરફથી થોડા વખતમાં છપાશે. )

૮. પંચપ્રતિક્રમણ પુરાં થયા બાદ વય નાની હોય તો સ્મરણો ચલાવવાં નહિતર નીચે મુજબ પ્રભુ સ્તુતિ કરી શકાય તેવા શ્લોકો શીખવવા.

१. तुभ्यं नमस् त्रिभुवनार्तिहराय नाथ, ई०

२. अद्याभवत् सफलता नयनद्वयस्य. ई०

३. पूर्णानंदमयं महोदयमयं ई०

४. प्रशमरस निमग्नं. ई०

५. जीने भक्ति जीने भक्ति. ई०

६. पाताले यानि बिम्बानि. इ०

७. नेत्रानंद करी भवोदधितरी. इत्या०

८. किंकरपूरमयं सुधारसमयं. इत्या०

९. दिनोद्धार धूरंधरस्त्वदपरो. इत्या०

१०. यद्यस्ति नाथ भवदंघ्रि सरोरुहाणां. इत्या०

૯. આ શિખવ્યાબાદ દેવસી તથા રાઇ પ્રતિક્રમણની વિધિ શીખવવી.

૧૦. તે પછી પાંત્રીશબોલ અર્થ સાથે શીખવવા. ( જે પણ શ્રી ભાવનગર જૈન ધર્મ પ્રસારક સભા તરફથી થોડા વખતમાં છપાશે. )

૧૧. તે પછી પાક્ષિકાદિ પ્રતિક્રમણની વિધિ શીખવવી.

૧૨. તે પછી જીવવિચાર તથા નવતત્વ ચલાવવાં તે ચલાવતી વખતે પ્રથમ મૂળ-ગાથાઓ શીખવ્યા પછી તેઓના અર્થ શીખવવા.

૧૩. વિધિઓની સંગિનતા તથા દ્રઢતા માટે મહિનામાં પાંચ તિથિ પ્રતિક્રમણ કરાવવું તે દિવસે વિધિ સંબંધિ (કેમ ઉઠવું, કેમ ઉભા રહેવું, કેમ બેસવું, કેમ વાંદણાં દેવાં, કેમ મુહપત્તિ પડિલેહવી વિગેરે ) ઉપયોગી હકીકતો તથા તેના સામાન્ય હેતુઓ સમજાવવા.

૧૪. તે પછી ખાસ કરી બાળકોમાં અને કન્યાઓમાં સંસ્કૃતની બે બુકો ચલાવવી. તે જ્ઞાનથી ભાષા શુદ્ધિ થાય છે, મગજ કેળવાય છે, પ્રકરણો શિખવાં સહેલાં પડે છે, વ્યાખ્યાન તથા ભાષણ સમજવું સુગમ પડે છે અને પુસ્તકો તથા લેખો વાંચવામાં સરળતા પ્રાપ્ત થાય છે તે આદિ બહુ લાભ થાય છે.

૧૫. સંસ્કૃત અભ્યાસ ન કરી શકે તેવાઓને દંડક તથા કર્મ ગ્રંથાદિક ચલાવવા.

૧૬. પ્રકરણો સરળ વ્યાખ્યા સાથે ચલાવવાં, તેનું પ્રમાણ અલ્પ રાખવું પણ તેના ઉપર વિવેચન વિશેષ આપવું. વ્યાખ્યાઓ નોટ બાંધી તેમાં ઉતરાવવી અને એ પ્રમાણે તે દ્રઢ કરાવવા તરફ લક્ષ આપવું. કેટલું શિખ્યા તે તરફ લક્ષ આપવા કરતાં કેવું શિખ્યા એ તરફ ખાસ લક્ષ આપવું.

૧૭. પ્રતિક્રમણ કે પ્રકરણના અર્થ તથા સંસ્કૃત શિક્ષણ આપતી વખતે વિદ્યાર્થીઓની વય, ગ્રહણશક્તિ, સ્મરણશક્તિ અને વ્યવહારિકજ્ઞાન વિગેરે શિક્ષકોએ ખાસ કરી તપાસવાં અને તે અનુસાર તેઓનો તેમાં પ્રવેશ કરાવવો તથા શિક્ષણ આપવું.

૧૮. મૂળ પાઠ, અર્થ, વિધિ વગેરે શિખવા માટે શિખનારાઓ આકર્ષાય એ અર્થે ઇનામના નિયમો ગોઠવવા.

૧૯. અભ્યાસીઓ ઉપર વ્યવહારિક શિક્ષણનો બોજો તેઓની હાજરીની અનિયમિતતા તથા તેઓની શાળામાં સ્થિતિ એ આદિ બાબતો જોતાં તેઓને એક દિવસમાં એકજ વિષય ચલાવવો એ સલાહકારક છે.

૨૦. પુનરાવર્તન અર્થે વિદ્યાર્થીઓને નિરંતર અનુક્રમે અમુક અમુક મૂળ સૂત્રો અથવા તેઓના અર્થ કે પ્રકરણોના અર્થની અમુક અમુક ગાથાઓ તૈયાર કરી લાવવા કહેવું અને તે લેતી વખતે તેમાંથી બુદ્ધિપૂર્વક કેટલા એક પ્રશ્ન પૂછી લેવા તે વખતે અમુકપદ કયા સૂત્રમાં છે એમ પૂછવું અને પ્રકરણો બાબત પ્રશ્નો પુછતી વખતે અમુકના ભેદ કઇ ગાથામાં

છે એમ પુછવું. એ પ્રમાણે કર્યા બાદ પાછલો પાઠ કાચો જણાય તેવાઓને બીજે દિવસે નવો પાઠ ન આપતાં તેજ પાઠ પાકો કરાવવો.

૨૧. ત્રણે પ્રકારના અભ્યાસીઓ શિક્ષણ લેવા આવતાં તથા લેતાં ત્રાસ તથા કંટાળો ન પામે તે માટે શિક્ષકે વાત્સલ્યભાવ–પ્રેમભાવનો ખાસ પ્રયોગ કરવો, કંટાળવું નહિ, મનની સમતોલ સ્થિતિ–શાંતતા ગુમાવવી નહિ. આ બાબત ખાસ લક્ષ ખેંચવામાં આવે છે.

૨૨. વિદ્યાર્થીઓ પાઠ ઘેરથી કરીને તથા વખતસર શાળાએ હાજર થાય તેવી પદ્ધતિ પડાવવી.

૨૩. શિખનારાઓના પાઠ જેમ બને તેમ સરખા કરી દેવા. તેમ કરવાથી ટુંક વખતમાં ઘણું શીખવી શકાશે.

૨૪. એ પ્રમાણે વખત બચાવી વખતના પ્રમાણમાં એક અતિ ઉપયોગી અને આવશ્યક શિક્ષણ કે જે શાળા સ્થાપનના ખાસ ઉદ્દેશ તથા અંતિમ ફળરૂપે છે તે આપવું તે ઉપર કાંઇક વિસ્તારથી વિવેચન કરવું યોગ્ય ધારવામાં આવ્યું છે. પ્રતિક્રમણ કે પ્રકરણાદિ ઘણું શિખ્યા હોય છતાં સદાચાર–પવિત્ર વર્તનમાં ખામી હોય તો તેવા વિદ્યાર્થીઓનું શિક્ષણ નિષ્ફળ પ્રાયઃ ગણાય છે તેથી ધાર્મિકજ્ઞાન ભલે ઓછું અપાય પણ તે આપીને જે કરવું છે તે એ છે કે તેઓના ઉપર સારા સંસ્કાર પાડવા એટલે કે તેઓનું નૈતિકબળ ખાસ કરીને વધારવું. તેઓમાં પ્રમાણિકપણું, સત્યભાષિપણું, પાપભીરૂતા, શ્રદ્ધા, વિનય, નમ્રતા, સંતોષ, ક્ષમા, દયા, નિષ્કપટતા, આત્મભોગ તથા નિસ્પૃહવૃત્તિ આદિગુણો પ્રકટ થાય તે માટે તેવા વિષયો ઉપર શિક્ષકે હમેશાં ઉપદેશ આપવો અથવા તેઓની સમક્ષ નૈતિક બળ સુધારનારાં તથા વધારનારાં પુસ્તકો વાંચવાં, વાંચતી વખતે થોડું વાંચવું અને ઘણું સમજાવવું. આ કાર્યની શરૂઆત પહેલાં પૂર્વેના દિવસે જે વાંચ્યું હોય, જે સમજાવ્યું હોય તેમાંથી કેટલાએક પ્રશ્નો પુછવા અને પછી વાંચન આગળ ચલાવવું, આ કરતી વખતે સાંભળનારાઓમાં રસ તથા જીજ્ઞાસાવૃત્તિ ઉત્પન્ન કરવી. છોકરાઓ માટે નીચે મુજબ પુસ્તકો ઉપયોગી ધાર્યાં છે.

નીતિ શિક્ષણ ( વડોદરાનું )
જૈન હિત બોધ.
જૈન હિતોપદેશના ત્રણ ભાગ.

સમકિત કૌમુદિ ભાષાંતર તથા કુવલયમાલા ભાષાંતર ઇત્યાદિ કન્યાઓ અને બાઇઓ માટે મલયાસુંદરી, રાજકુમારી, સુદર્શના, સુંદરબ્હેન તથા પુત્રીશિક્ષા આદિ પુસ્તકો ઉપયોગી ધાર્યાં છે. આ ઉપરાંત ઉત્તમ કહેવતોનાં પાટીઆંઓ ( બોર્ડો ) બનાવી તે શાળામાં ભીંતે લટકાવવાં. કેટલીક કહેવતો તથા બોધદાયક વાક્યો આ નીચે લખ્યાં છે.

૧. માણસને નર્ક તથા સ્વર્ગ લઇ જનાર મન છે માટે મનને વશ કરવું.
૨. હમેશાં દહેરે દરશન તથા પૂજા કરવી અને ગુરૂવંદન કરવું.
૩. બીજાના સારા ગુણો ગ્રહણ કરવા, પોતાનાં વખાણ ન કરવાં.
૪. કોઇની નિંદા કરવી નહિ. જુગાર રમવું નહિ.
૫. માણસને ઉદ્યમ સમાન કોઈ બન્ધુ નથી અને આળસ સમાન કોઇ શત્રુ નથી.
૬. અતિ હસવું નહિ, જરૂર જેટલું બોલવું, ઇંદ્રિયો વશ રાખવી.
૭. દરેક જીવનું ભલું થાય તેમ કરવું, પરોપકાર કરવો એ સજ્જનોનું કર્તવ્ય છે.

૮. વાતો, મસ્તિ, તોફાન, ન કરવાં, મોટા સાથે વિનય રાખી નમ્રતાથી વર્તવું.
૯. વિદ્યાગુરૂને નમસ્કાર કરવો, નિદ્રા ઓછી કરવી.
૧૦. દુઃખને વખતે અરિહંતનું સ્મરણ કરવું, આયુષ્યનો ભરોંસો નથી.
૧૧. પ્રાણ જાય પણ ખોટું બોલવું નહિ, બોલવું તેવું પાળવું.
૧૨. કોઇની ચાડી ખાવી નહિ, વસ્ત્ર ચોખ્ખાં પહેરવાં, શરિર પણ ચોખ્ખું રાખવું.
૧૩. પરસ્ત્રી સામી વિકાર બુદ્ધિએ દ્રષ્ટિ ન કરવી, લજ્જાળુ થવું.
૧૪. નઠારાની સોબત ન કરવી. સ્થિર ચિત્તે ભણવું.
૧૫. એક બીજાની સાથે ભેગું બેસી એકજ વાસણમાં જમવું નહિ.
૧૬. કોઇની વસ્તુ ચોરવી નહિ, વખત પ્રમાણે વર્તવું.
૧૭. માતા પિતાની સામું બોલવું નહિ તેમને પગે લાગવું.
૧૮. સંતોષ સમાન કોઈ સુખ નથી, ધીરજનાં ફળ મીઠાં છે.
૧૯. અવિચાર્યું કામ કરવું નહિ. દુઃખીનું દુઃખ દૂર કરવું.
૨૦. અહંકાર કદી પણ ન કરવો, લક્ષ્મીથી ફુલાવું નહિ, લક્ષ્મી ચપળ છે.
૨૧. દરેકે પોતાનીજ ભૂલો સુધારવી એમાંજ કલ્યાણ છે.
૨૨. રાત્રિભોજન કરવાથી ઘણું પાપ લાગે છે. અલક્ષ્યનો ત્યાગ કરવો.
૨૩. વિદ્વાન્ સર્વત્ર પૂજાય છે, વિદ્યાનું વ્યસન વધારવું.
૨૪. બાળકથી પણ હિતવચન ગ્રહણ કરવું, જીભમાં અમૃત રાખવું.
૨૫. ધર્મના કામમાં ઢીલ કરવી નહિ, હાથે તે સાથે.
૨૬. એક ક્ષણ પણ નકામી ગાળવી નહિ, સદા ઉદ્યોગી થવું.
૨૭. સર્વ સાથે હળીમળીને રહેવું, સંપ ત્યાં લક્ષ્મી.
૨૮. અતિ લોભ તે પાપનું મૂળ છે, ભુખ હોય તોજ ખાવું.
૨૯. વિનયથી વિદ્યા જલદી આવડે છે, કપટ ન કરવું.
૩૦. સર્વ પ્રાણી ઉપર દયા રાખવી, ગુસ્સો ન કરવો.
૩૧. દેહનો ભરોંસો નથી માટે તેના વડે નિઃસ્વાર્થ વૃત્તિથી જેટલી સંઘ સેવા, જ્ઞાતી સેવા તથા દેશ સેવા થઇ શકે તેટલી કરી લેવી.

**જૈન શ્રેયસ્કર મંડળ.**

---

પોતે દુઃખી હોવા છતાં પણ કોઇના હૃદયને દુઃખી કરવું નહિ. બીજાને દ્રોહ કરવાની બુદ્ધિ રાખવી નહિ અને જે વાણી વડે બીજાનું મન દુઃખી થાય એવી દુષ્ટ વાણી બોલવી નહિ. **( મનુસ્મૃતિ. )**

ઇર્ષ્યા કરનારો, નિંદા કરનારો, અસંતોષી, ક્રોધી, સદા શંકાશીલ અને પારકાના આધારે નિર્વાહ કરનારો એ છ પ્રકારના માણસો સર્વદા દુઃખી છે. **(મહાભારત.)**

જેમ માણસો જૂનાં વસ્ત્રો છોડી દઇને બીજાં નવાં વસ્ત્રોનું ગ્રહણ કરે છે. તેમ આત્મા જૂનાં શરીરોને છોડી દઇને નવા શરીરોને પ્રાપ્ત થાય છે. **(શ્રીમદ્‌ભગવદ્‌ગીતા.)**

સર્પના દાંતમાં વિષ છે, વિંછીના આંકડામાં વિષ છે, અને દુર્જનના સર્વાંગમાં વિષ છે. તેથી તેનાથી તો દૂર રહેવું એજ સારૂં છે. **(ચાણાક્ય નીતિ.)**

# प्रेम घेला प्रवासीनुं पवित्र जीवन.

## પ્રકરણ ૪ થું.

### ચીઠ્ઠી.

ઐવાયે દિવસો ઓ પ્રિયતમ વહી ગયા.

*  *  *  *

દરગુજર કર ! એ ખતાતો, દરગુજર કરવી ઘટે !
કર ખૂન લ્હોયે ના ખૂની તું, એ સજાયે ઠીક છે !
ગુલ્ વીંધીને બેહ્રા કરે, એ જુલ્મ ઝાહિર છે અહિં !
ગુલ્ ચશ્મથી ના ચાંપવાની, એબ આદમ જાતને !

કલાપી.

અનેક ત્રેલી વિલસીત–પુષ્પ પરિપૂર્ણ રમણિય ઉદ્યાન સમાન, એક સુન્દર મહાલમાં, વેલી પરથી ખરી પડેલા કરમાઇ ગયેલા પુષ્પ જેવી બેગમ સેલિમા, પોતાનાજ પલંગ પર પડી છે. માથામાં સખ્ત વેદનાનો સણુકો આવતાંજ, સ્વાભાવિક રીતેજ, કોમળ મસ્તક પર હાથ ફેરવતાંજ, તેમાં સખ્ત ઘા પડયો છે–ને તેના પર હકીમે મજબુત પાટો બાંધ્યો છે એમ તેને માલૂમ પડયું. ઘડી વાર એમને એમ સુઇ રહ્યા બાદ, વળી ચેતન આવતાંજ સ્મૃતિપટ પર બની ગયેલી સર્વ ઘટના તરવરી ઉઠી, ને ઝેરી સાપના દંશ લાગ્યા હોય તેવી હૈયામાં સખ્ત આગ આગ ભભુકી ઉઠી. સહસ્ત્રાવધી સામટાં શર તેના મર્મ સ્થાનમાં ભોકાવા લાગ્યાં. શું થઈ ગયું ! હવે શું થશે ! શું કરૂં ! આવા આવા અનેક સવાલોનાં મોજાં તેના હૃદયકાસારમાં ઉઠી આપોઆપ સમાઇ ગયાં. નીસાસો મુકી મનમાં ને મનમાં તે બોલવા લાગી:–માહરૂન ! માહરૂન ! ત્હેંજ આખરે મ્હારૂં સત્યાનાશ વાળી નાખ્યું ? અને દુનીઆની આંખે મ્હને હમેશને માટે કલંકીત બનાવી મુકી ? ઓ મ્હારા સદ્‌ગુણના ભંડાર ! અરે ઓ ! પ્રેમ માર્ગના પ્રવાસી ! હવે આ આળ માથે લઇને શું સુખે જીવી શકાય ? ત્હને આ શું સૂજયું ? શા માટે વીના શસ્ત્રે સિંહ સામે થવા હિંમત કરી ? મ્હારા માટે અનેક મુશ્કેલીઓ વેઠી તેં આવો અંત લાવવા સારૂં ? તું સદ્‌ગુણનો કેવળ ભંડાર હતો; ત્હને એકાએક આ શું સૂજયું ? સૂક્ષ્મના ભોગી ? ત્હમને શું સ્થૂલની વાંચ્છા થઇ આવી ? અરેરે ! હજારોને સૂક્ષ્મનો બોધ આપનાર એક નજીવા સ્થૂલમાં લોભાયો ? ફટ્ મહારૂન ! ત્હારા પ્હેલાંના બધા સદ્‌ગુણો ક્યાં ગયા ? ત્હમ શું આજકાલ આટલા બધા કલુષિત થઇ ગયા છો ? હે ખૂદા ! પરવરદિગાર ! ત્હમે સાક્ષી છો કે હું બેગુનાહ છું. કદી પણ મ્હારા જાણવામાં હોય તેમ સતી ધર્મની વિરૂદ્ધ એક પણ પગલું મ્હેં ભર્યું નથી. મહારૂન મ્હને પ્રાણથી પણ અધિક પ્રીય હોવા છતાં પણ મ્હેં મ્હારૂં શરીર મ્હારા સ્વામીનેજ સમર્પ્યું છે. કદી પણ સ્થૂલની વાંચ્છા મ્હેં કરી નથી. પણ બેગમના જનાનખાનાની અન્દર ત્હેના સૂવાના ઓરડામાં વેશધારી પુરૂષ રહેતો પકડાયો, ત્યાં બેગમ સાહેબ સતીજ છે, એ આટલા મોટા દિલ્હીના બાદશાહ કેમ કબૂલ રાખશે !

બાદશાહના મનમાં જો કદી ખરેખર ભાવ હોત તો, તો તે એક વાર મ્હને પૂછી

શકતેજ ના? પણ તેમ કીધું નહિ! તે ચાલ્યા ગયા. હવે આ આળ સ્હેજમાં કેમ ફીટાડી શકાશે? પગથી તેણે ઠેલી દીધું છે, તે હવે પગ તળે લોટવા દેશે કે કેમ? પણ જો કલંક ન ટળે તો પછી આ જીંદગીથી કામ શું છે? હવે તો મોત એજ દિલોજાન દોસ્ત ગણવો બહેત્તર છે. પણ અરેરે! હજારો આશાઓ–મનોરથો સાથે લઇ આમ યુવાનીમાંજ કેમ મરાય? અગર જ્યારે મરવુંજ છે, તો બધું મનનું મનમાં રાખી શામાટે મરવું? બાદશાહની થયેલી ભુલ તેમને બતાવીશ! તેમને પાયે પડીશ, કરગરીશ, ને આટલેથીય જો તેમનું મન નહિજ માને તો–તેમનું દિલ નહિ પિંગળે તો,–ઝેર ઘોળી પી જઇશ ને સુખે મરીશ!

સેલિમા પલંગ પરથી ઉઠી બેઠી થઇ. દાસીએ કહ્યું–"બેગમ સાહેબ, ઉઠશો મા માથે ઘા સખ્ત થયો છે! ઉઠવાથી વધુ પીડા થશે!"

સેલિમાને જરા હસવું આવ્યું. આવા દુઃખના વખતમાં પણ ખુશ મિજાજીને હસવું આવ્યા વિના નજ રહ્યું. મનમાં ને મનમાં તે બોલીઃ–"બાંદી! જે ઘા હૈયામાં લાગ્યો છે, તેનો ખ્યાલ કંઇ થઇ શકે છે?

"કોણ અહિં આવીને જોશે?
હૈયાના આ ઘા ખોલીને?
હૃદય વ્યથાને અશ્રુ લોશે?
જ્યાં ત્યાં હુંની હું!"

* * *

"રક્ત હૃદયથી આ વહી જાયે!
હૈયુ અમુઝણથી અકળાયે!
કહો બધું કોને કહેવાયે?
જીવન વીતી તે?"

બાંદી! બાંદી! આ હૃદયના ઘામાંથી જે મહા વ્યથા થઇ રહી છે–તે શું તું સમજી શકે છે? માથાનો નજીવો ઘા કંઇ હૃદયના મર્મદાહક ઘાથી સરખાવી શકાય તેમ છે? જે મર્માંતીક વેદના–જે અમુઝણ–જે ભયંકર ઘટના હમણાં ચાલી રહી છે, તે શું શહેનશાહત કે અન્ય રીતે અટકાવી શકાય તેમ છે? ના! ના! બાંદી! ત્હને એ નહિ સમજાય! મુજ જીવન વીતી તે જીવનજ જાણે છે–ને મરતી વખતે એ ભેદ!–એ જીવન રહસ્ય! આ જીવન પોતાની સાથેજ–પોતાની છાતીમાં સાથેજ લઇ જશે! હા! શું! શું! બની ગયું! ઓ પ્રેમ માર્ગના પ્રવાસી! ઓ જીવન માર્ગના મુસાફર! તને આ શું સુઝ્યું? અગર પ્રારબ્ધ રૂઠે ત્યારે માનવીની બુદ્ધિ શું કરે? ઓ પરમ દયાળુ પિતા! તું કરે તે ખરૂં?" ને અભ્રથી છવાયલા નેત્રાકાશમાંથી માત્ર બેજ અશ્રુ–બિન્દુ પડયાં. સેલિમા ચૂપ થઈ ગઇ. નીરાશ થઈ ગઇ. પથારીમાં પાછી પટકાઈ પડી.

ભયંકર તોફાનથી હલમલી રહેલા દરિઆ પર ધીરે ધીરે સમ્પૂર્ણ શાંતિ પથરાય છે, સેલિમાના હૃદયની અત્યારે એજ દશા છે! તે મનમાં બોલી–"જેને ચાહુ છું તે ઘણે દૂર–દૂર છે. જે છે તે, તે નથી. તે સમગ્ર આલમનો બાદશાહ–માલેક છે. તે મહારાથી ઘણો ઉંચે છે. અને હું તેની દાસી–બાંદી છું. સાધારણ રૈયત છું. આ શરીર તેનું છે. તેનાજ અન્નથી હમણાં તે પોષાય છે. તેના પર તેનો સંપૂર્ણ હક છે. હું તેના પાસે કોણ માત્ર? શામાટે મ્હારે તેમને પાયે ન પડવું? ખરેખર! હા! તે દિવસો તો હવે ગયાજ!

"એવાયે દિવસો ઓ પ્રિયતમ વહી ગયા!"
"એવાયે દિવસો પ્રિય જીવન વહી ગયા!"

હા ! ગયા ! ગયા ! તે દિવસો ! હવે ત્હેનાં સ્વપ્નાંજ ! તેનાં તો સ્મરણાંજ ! નહિ ! નહિ ! દેખાય તે જીવન સમસ્તમાં ! નહિ દેખાય તે વિશ્વ સઘળામાં ! એક વખતે મ્હારા સૂક્ષ્મ પ્રેમ વિલાસીની સાથે અનંત સુખ—અનન્ય પ્રેમ—અનેક વૈભવો માણ્યા. સૂક્ષ્મ—પ્રભુતા ભર—દિવ્ય પ્રેમ કેવો છે તે જોયું ! તે પણ દિવસો હતા ! વળી એક દિવસ એવો પણ હતો, જ્યારે હું આજ મહાલયમાં—આજ સ્થળે—હજારો દાસ દાસીઓ પર હુકમ ચલાવતી. મને જરા છીંક આવતાં ખમા ખમા કરતી સેંકડો દાસીઓ મારા પર વારી જતી. પાણી માગતાં સરબતને દુધના પ્યાલા હાજર થતા. જરા બેચેની થતાંજ, મનરંજનાર્થે લક્ષાવધી ઉપાયો લેવાતા. ખૂદ બાદશાહ શાહજહાન મ્હારા પ્રેમ માટે મારે પાયે પડતા—અરે મ્હારી ગુલામી કબુલતા—મ્હારા ચરણની ખાખ ચૂમતા. અરે મારા ચરણ પાસે સમસ્ત ભારતવર્ષનો મુકુટ ધરતા ! હાય તે દિવસો પણ ગયા ! આજ તો નથી તે દિવસો કે નથી પેલા દિવસો. ઓ ! હું આજ કયી સ્થિતિમાં છું ? મ્હારા હૃદયની—મ્હારા શરીરની—મ્હારા જીવનની આજ ગમે તે દશા હોય, કોણ જુવે છે ! કોણ મ્હારો ભાવ આજ પુછે છે ? આજ હું મરૂં વા જીવું, ખાઉં વા ભુખી રહું ! માન પામું વા અપમાન ! પણ કોને પડી છે આજ મ્હારી. જે સુલતાનાના ચરણ પાસે કઇક રાજા રાણાઓના જનાના પોતાનાં સર ઝુકાવતા—તે આજ મ્હારી આ દશા પર કેવાં હસતાં હશે ? અરેરે ! હું નિર્દોષ છતાં આ કલંકિત અભાગી મુખ લઇ કેમ જીવી શકીશ ? જે મુખ પર આખો જનાનો, ખૂદ સુલતાન—ને સમગ્ર આલમ એક વાર ફીદા થઇ વારી જતાં, તેજ મુખ હવે કોઇની દ્રષ્ટિએ પાડવું પણ—હા એ વિચાર ! કેવો ભયંકર ! ના ! હવે એ કલંકિત !—ના નિર્દોષ, પણ દુનિયાની નજરમાં કલંકિત મુખ કોઇને પણ નહિજ બતાવું ! જો નિષ્કલંક કરીશ તો જીવીશ. નહિ તો ઝેર ખાઈ મરીશ. પણ એકવાર શાહને પાયે પડી મારા કલંકને ધોઈ શા માટે ન નાખવું ?

યા અલ્લા ! રહેમ કરજે ! જે દિવસોમાં શાહ મ્હારા ચાહ માટે રોતા ! તે દિવસો તો ગયા ? મહોબતનું બામદાદ ગુમ થયું. પણ હવેય પાછા તેમને કેમ ન આજીજી કરી મનાવું ?

વળી ઘડિક મનમાં વિચાર કરવા માંડયો:—" એકાદ ખત પાઠવું ! નહિ. એકવાર બોલાવવા મોકલી જોઉં ? જો નહિ આવે તો પછી ધાર્યું છે તે કરીશ. એકવાર એ અજમાવી તો જોઉં ?

પણ મારો કાગળ તેમને પહોંચશે ? પહોચશે તો વાંચશે ખરા ? વાંચશે તો કંઇ વિચાર કરશે ખરા ? ને મ્હારા પવિત્ર હૃદય તરફ, મ્હારા નિઃકલંક ચારિત્ર તરફ જોઈ તેને પવિત્ર માનશે ખરા ! ના ! ના ! એ દિવસો તો હવે ગયા છે ! પણ મુઇ આ આશા કયાં છોડે છે ? લાવ. દાસી દોત કલમ ને કાગળ લાવ. મ્હારા સ્વામીને લખવામાં શરમ શી ?—વિચાર શા ? લખીશ જરૂર લખીશ. તે અલ્લાહનું ચાહવું છે તો ક્ષમા પામીશ ! "

કાગળ પોતાને હાથે લખી પોતાની સહી તેના પર કરી, સેલિમાએ સંભાળીને તે બીડી દીધો. બાંદીને બોલાવીને તે સેલિમાએ તેના હાથમાં મુકયો ને કહ્યું:—" આ ચીઠ્ઠી, જુમ્મત મહેલમાં જઈ, ખૂદ બાદશાહને હાથોહાથ પહોચાડી આવ. જો ! જવાબ લીધા વિના પાછી ફરીશ નહિ ! "

બાંદી હુકમ બજાવવા રવાના થઈ. બેગમ સેલિમા બારણું બંધ કરી અશ્રુપૂર્ણ નયને આસ્માન તરફ નજર કરી બંદગી પુકારવા લાગી:—" યા ઇનશાં અલ્લાહ ! "

" કરજે મહેર કે બાંદી ન પાછી ફરે ! "
" ને મહોબતનું દીલડું ન તરફડી મરે ! "

(અપૂર્ણ.)

# પાંચમી સાહિત્ય પરિષદમાં શ્વેતાંબર આમ્નાયના આવેલા ગ્રંથોનું લીસ્ટ.

| ગ્રંથનું નામ. | ગ્રંથકર્તાનું નામ. | સંવત્ રચ્યા. | સંવત્ લખ્યા. | માપ. | માલિક. |
|---|---|---|---|---|---|
| ૧ આરાધના રાસ. | વિજય. | માધ સુદ ૧૩ ૧૫૯૨ | ૧૬૦૦ | ડુંક ૪૦૬ | ચંદ્રવિજયજી ગોરજી આમોદ. |
| ૨ વિક્રમ રાસ. | માનસાગર. | કાર્તિક ૧૭૨૪ | ૧૭૫૦ | ,, ૯૦૦ | ,, |
| ૩ વ્યવહાર શુદ્ધિ ચોપાઈ. | સમયસુંદર. | ૧૬૯૬ | ૧૮૦૦ | ૧૬૦ | ,, |
| ૪ સ્તવનની કથા | પંડિત વિનયવિજય શિષ્ય જસવિજય | શ્રાવણ ત્રીજ શુ. ૧૩ સં. ૧૭૭૫ | | પત્ર ૧૪ | ,, |
| ૫ આદિનાથ સ્તવન બાલાવબોધ. | ,, | ,, | ૧૬૦૦ | પૃષ્ઠ ૮ | ,, |
| ૬ અનેકાર્થ મંજરી. (હિન્દી) | નંદદાસ | ,, | ૧૮૦૦ | ,, ૩ | ,, |
| ૭ જંબુ સ્વામીનું વિવાહલુ. | પીપલ ગચ્છીય વીરપ્રભ સૂરિશીષ્ય | વૈશાખ સુ.૬ સં. ૧૪૯૫ સાંચોરમાં | ૧૫૫૦ | ,, ૪ | ,, |
| ૮ રત્નસાર રાસ. | સહજસુંદર પાઠક | સં. ૧૫૮૨ | સં. ૧૬૭૬ પોષ શુ.૧ રવિ | ,, ૪૯ | ,, |
| ૯ બાર વ્રતનો રાસ. | ખરતર ગચ્છીય શ્રી જીનચંદ્ર સૂરિશિષ્ય. | સં. ૧૬૩૩ ફાલ્ગુન સુ.૫ | સં. ૧૬૩૩ | ,, ૫ | ,, |
| ૧૦ ધન્ના ચરિત્ર. | કક્કસુરી શિષ્ય શીલસુંદર શીષ્ય મતિશેખર. | સં. ૧૫૧૪ | સં. ૧૫૭૦ ચૈત્ર શુદ ૬ | ,, ૮ ડુંક ૩૧૯ | ,, ,, |
| ૧૧ અઢાર પાપસ્થાન. પરિહાર ભાષા. | શ્રી બ્રહ્મ | | સં. ૧૬૮૦ ચૈત્ર વ. ૧૧ રવિ | ,, ૭ | ,, |
| ૧૨ બારવ્રત સઝાય. | | | | ડુંક પર | ,, |
| ૧૩ યૌવન જરા સંવાદ. | કવિ સહજ સુંદર. | | | પત્ર ૨ | ,, |
| ૬૦ કલ્પસૂત્ર બાલાવબોધ (ગદ્ય) | કૃષ્ણદાસ | | | પત્ર સં. ૮૯ | ડાહ્યાભાઈ ભગવાનદાસ સગરામપુરા સુરત. |
| ૫૯ પારસ્તક પ્રકાશ. સંસ્કૃત ખંડિત. | ,, | | | શ્લોક ૧૫૦ પત્ર ૧૬. | ,, |
| ૫૬ પ્રભાતિઆ. | જીવણદાસ | | | ૧૩૬થી૧૪૪ પત્ર | રતનશંકર મણીશંકર શુકલ સુરત. |
| ૫૭ છૂટક પદ | માધવદાસ | | | પદ સંખ્યા. ૧ | ,, |
| ૫૮ ,, | કૃષ્ણદાસ | | | ,, ૨ | ,, |

| ગ્રંથનું નામ. | ગ્રંથકર્તાનું નામ. | સંવત. રચ્યા. | સંવત. લખ્યા. | માપ. | માલિક. |
|---|---|---|---|---|---|
| ૬૯ જીનકુશલ સુરીભાસ. | પાઠક સૂર્યવિજય. | | | ,, ૧ ટુંક ૧૧ | ડાહ્યાભાઇ ભગવાનદાસ સુરત. |
| ૬૫ ચોવીશ જીનગીત. | ઉદય રત્ન | ૧૮૪૪ લખ્યા સંવત | | પત્ર ૧૦ | ,, |
| ૬૬ નેમીનાથ ચરિત્ર. | માણેકસુરી | | | પત્ર ૨ | ,, |
| ૬૭ હરિવાહનરાય રાસ | રાજપાળ | ૧૬૫૨ | ૧૭૦૦ | પત્ર ૮થી૧૬ | ,, |
| ૬૮ આદિનાથ શત્રુંજય સ્તવન. | ભાવહરખ | | ૧૬૫૯ | ૩ | ,, |
| ૬૯ પંચદંડ. | નરપતિ | ૧૫૪૪ | | ૨થી૧૯ | ,, |
| ૭૦ ચિત્ર શંભુતિ રાસ. | જ્ઞાનસાગર | ૧૭૩૧ | ૧૭૬૧ | પત્ર ૩૦ | ,, |
| ૭૧ નેમિનાથ વિવાહલું | બ્રહ્મ | | ૧૬૯૪ | ,, ૨૮ | ,, |
| ૭૨ રાજીમતિ વિરહ. | માણીકસુરી | | | ,, ૧ | ,, |
| ૭૪ મૃગાવતિ આખ્યાન. | સકલચંદ્ર મુનિ | | ૧૬૪૩ | ૮ | ,, |
| ૭૯ સ્વપ્નાધ્યાય. | સોમવિમલસુરી | | | ,, ૨ | ,, |
| ૮૦ સીતારામ પ્રબંધ | સમયસુંદર | | | ,, ૯૯ | ,, |
| ૮૧ કયવનારાસ તૂટક | | | | પત્ર ૯ | ,, |
| ૮૩ સ્નાત્ર પૂજા | દેવચંદ્ર | | | ૫ | ,, |
| ૮૫ મહાવીર જીન સ્તવન | હંસરાજ મુનિ | | ૧૭૮૦ | ૫ | ,, |
| ૮૮ ચારિત્ર મનોરથ માળા | પાર્શ્વચંદ્ર | | ૧૬૦૦ | ૪ | ચંદ્રવિજય યતિ. આમોદ. |
| ૮૯ હરિવિજય વિલાસ તોટક (હિનિ) | વજુ બારોટ | | ૧૯૬૫ | ૫ | ડાહ્યાભાઇ ભગવાન સુરત. |
| ૧૨૦ શ્રાવક ધર્માતિચાર | | | ૧૫૬૭ | ૯ | ચં. આમોદ. |
| ૧૨૧ સભાસાર નાટક(હિંદી) | ૧૭૫૭ ચૈ. સુ. ૩ બુ. | ૧૮૪૫ | | ૨૬ | ,, |
| ૧૨૨ બાવની | બિહલ નથમલ અગરવાલાના લિગ્ગવંશ | | ૧૭૪૯ | ૭ | ,, |
| ૧૨૩ રાજનીતિ | દેવીદાસ | | ૧૮૪૦ | ૧૧ | ,, |
| ૧૨૪ કર્મવિપતુ બાલાવબોધ | | | ૧૬૫૮ | ૪૦ | ,, |
| ૧૨૫ મિત્ર સંભૂતિ રૂષિરાસ | જ્ઞાનસાગર | સંવત ૧૭૩૧ પોસ ?.૧ | ૧૭૫૪ ભાદરવા વ.૭ | ૩૪ | ,, |
| ૧૨૬ દ્વાદશ ભાવના | | | | ૧૧ | ,, |
| ૧૨૭ રત્નસાર કુમારરાસ | વાંચક સહજ સુંદર | ૧૫૮૨ | ૧૬૨૨ | ૨૧ | ,, |
| ૧૨૮ દુર્ગદેવ કૃત સાઠ સંવત્સર ફૂલ (સંસ્કૃત) | દુર્ગદેવ. | ૧૬૧૪ | | ૧૪ | ,, |
| ૧૨૯ સાગર સૃષ્ટિ કથા. | હેમનંદન શિષ્ય | ૧૬૭૦ | | પત્ર ૬૦ ટુંક ૩૧૨ | ,, |
| ૧૩૦ ગ્રહરાસિ ફળ | હીર | | | ૩ | ,, |
| ૧૩૧ ગૃહઓવા વિચાર (તૂટક) | | | | ૩ | ,, |
| ૧૩૨ ચંદકુંવરની વાર્તા | | | | ૧૨ | ,, |
| ૧૩૩ શશિ કર્મ વિપાક | | ૧૭૬૦ | | ૫ | ,, |
| ૧૩૪ લઘુ ક્ષેત્ર સમાસ | મતિસાગર ગુણમેરૂ (પત્તન નયરમાં) | ૧૫૯૪ | | ૨૩ | ,, |
| ૧૩૫ શ્રેણિકરાસ | સોમવિમલ સુરી | ૧૬૦૩ | ૧૬૫૧ | ૧૬ | ,, |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૩૬ | વિદ્યા વિલાસ પ્રબંધ આજ્ઞા સુંદર | જગવર્ધન સુરી | ૧૫૧૬ | ૧૬૬૦ | ૨૦ | ચં. આમોદ. |
| ૧:૭ | બાહુબલિ ચરિત્ર | ભુવનકીર્તિ | ૧૬૭૬ | | ૩૩ | ,, |
| ૧૩૮ | સાર શિખામણ રાસ | સંવેગસુંદર | ૧૫૪૮ | ૧૬૫૨ | ૭ | ,, |
| ૧૩૯ | અર્ઘ કાણ્ડ ( જ્યોતિષ ) | | | ૧૭૫૯ | ૭ | ,, |
| ૧૪૦ | પરિસહ કથા (ગદ્ય) | | | | ૬૨ | ,, |
| ૧૪૧ | હીરકલસ (જ્યોતિષ) | હીર કવિ | ૬૬૫૭ | ૧૮૧૧ | ૩૩ | ,, |
| ૧૪૨ | ગર્ગઋષિ કૃત મેઘમાલાની બાલાવબોધ | | | ૧૮૪૨ | ૨૯ | ,, |
| ૧૪૩ | પ્રાકૃત પિંગલ | | | | ૬ | ,, |
| ૧૪૪ | સુરસુંદરી રાસ | નયસુંદર | ૧૬૪૪ | | ૨૧ | ,, |
| ૧૪૫ | નિગ્રંથી વિચાર ત્રુટક | | | | ૫૯ | ,, |
| ૧૪૬ | હાલસાગર | રૂષભસાગર | ૧૮૩૦ | ૧૮૫૨ | ૭૪ | ,, |

(અપૂર્ણ.)

# મહામંગળકારી પર્યુષણ પર્વ આરાધન.

અમોને લખતાં ઘણો આનંદ થાય છે કે આપણું મહામંગળકારી પર્યુષણ પર્વ રૂડી રીતે પસાર થયાં છે. સર્વ સ્થળે તપસ્યાઓ, સ્વધર્મી વાત્સલ્યો સમયાનુસાર રૂડે પ્રકારે થયાં હશે. મહામુનિરાજોની અમૃતમય વ્યાખ્યાનની ધારાઓ વરસી રહી હશે. અભયદાન, સુપાત્રદાન પણ દેવાયાં હશે. અમારા જૈન બંધુઓએ ગતવર્ષમાં કરેલું પાપ મન વચન કાયાએ ગુરૂ સમક્ષ પ્રક્ષાલી દુનિયાના સર્વ જીવો પ્રતિ મૈત્રી ભાવના ભાવી હશે. આ વગેરે ઘણી ધાર્મિક ક્રિયાઓ આ મહા મંગળકારી પર્વમાં થઈ હશે. તે સઘળું પ્રશંસવા યોગ્ય છે, અને તે સર્વ જૈનધર્મનો મહાપ્રભાવ સુચવનાર છે. આ પ્રસંગે જે કહેવાનું બાકી રહે છે તે માત્ર એટલુંજ છે કે જેવી રીતે સંવત્સરી પ્રતિક્રમણ વખતે સર્વે જીવોને મન વચન અને કાયાથી ખમાવ્યા છે અને સર્વ જીવો પ્રતિ મૈત્રી ભાવનો ધ્વની જાગ્રત કર્યો છે, તે ધ્વની અમારા જૈન બંધુઓ પોતાની મનોસૃષ્ટિમાં સદા જાગ્રત રાખશે અને આપસ આપસના ક્લેશ ઝઘડા અને કુસંપોને દૂર કરી જેવી રીતે કોમ કોમમાં, ગચ્છ ગચ્છમાં અને નાત જાતમાં સંપ વધે, કેળવણી વધે, વૈર વિરોધની શાંતિ થાય તેવાં બીજ રોપશે તેથી જૈનધર્મનો પ્રભાવ ઘણો વધશે અને શ્રી મહાવીર પ્રભુનું શાસન દુનિયાની ઉચ્ચ કોટિ ઉપર મૂકાશે, કારણ કે આવા પ્રકારની પાપ આલોવવાની, પાપનું સ્મરણ કરાવી પાપમાંથી મુક્ત થવાની અન્ય ધર્મમાં પ્રથાઓ ભાગ્યેજ દૃષ્ટિગોચર થાય છે. જો ઐક્યતાનો ઉદ્દેશ નહિ જળવાય, ગચ્છ ગચ્છ અને આપસ આપસના વૈર વિરોધની લાગણી ચાલુજ રહેશે તો સંવત્સરી પ્રતિક્રમણ કરી દીધેલો " મિચ્છામી દુક્કડં " તે કુંભારના મિચ્છામી દુક્કડં પ્રાયઃ ગણી શકાશે.

બંધુઓ ! હવે જમાનો બદલાયો છે. સાધનોમાં મારામારી કરી સાધ્ય ચૂકવાનો વખત વિદાય થયો છે. માટે દરેક બંધુઓ સાધ્યને લક્ષ્યમાં લેઇ અરસપરસનાં ભિન્ન ભિન્ન લાગતાં સાધનોમાં માથાકુટ કરવી જવા દેશો અને સાધ્યમાં નિમગ્ન રહી ઐક્યતાનો મહાન્ ઉદ્દેશ કે જે માનવ પ્રજાની ઉન્નતિનો મહામંત્ર છે તેને જાળવશો, અને મહામંગળકારી પર્યુષણ પર્વના આરાધનનું સાર્થક કરશો એવું અમારા જૈન બંધુઓ પ્રત્યે ઇચ્છી છીએ.

ॐ शांतिः शांतिः शांतिः

# काव्यकुंज.

॥ स्वात्मप्रबोध सप्तक ॥

માન માન મન મારા વ્હાલા કાલા શું કરવા ચાળા,
ચાળા કરતાં બહુ દિન ચાલ્યા તો પણ સુખમાં નવ માલ્યા;
જે જે વસ્તુ જોઈ જગતમાં તે કીધી મ્હારી મ્હારી,
પંથી મન નિજ દેશે ચાલો બહુ દિન વિત્યા દુખકારી. ૧

ભટક્યો બહુ છો ભયવાળા આ ભવ વનમાંહી ભાન વિના,
દુઃખ તણા દેખ્યા બહુ દરિઆ જીનપ્રભુના ગાન વિના;
સાધન વણ નવ હોતું સુંદર ઘેર વળવા સુખકારી,
પંથી મન નિજ દેશે ચાલો બહુ દિન વિત્યા સુખકારી. ૨

અબળા નારી દુષ્ટ અવિદ્યા એને માને પ્રાણ પ્રિયા,
પણ માનીશ નહિ નિશ્ચય એકે સુખ કરનારી એજ ત્રીયા;
પ્રેમ ધરીને એ પ્રમદાને કેમ કહો ! પ્યારી મ્હારી,
પંથી મન નિજ દેશે ચાલો બહુ દિન વિત્યા દુખકારી. ૩

સુંદર સુખ શાન્તિ દેનારી ભૂલ્યા નિજ વિદ્યા નારી,
એહ તણાં ફળ આ અવલોકો ડુબ્યા છો દુખમાં ભારી;
ચેતો હજી તો સુખદ લાગઆ આવી માનવની બ્હારી,
પંથી મન નિજ દેશે ચાલો બહુ દિન વિત્યા દુખકારી. ૪

મોહજાળમાં ઘણા ફસાણા લાતો તો લાખો ખાધી,
કાળ શત્રુની કેડે પડિઆ લડિયા ત્યાં નવજીત લાધી;
ક્રોધ તણા કારાગૃહ માંહી કાઢ્યા દીન દુઃખદ ભારી,
પંથી મન નિજ દેશે ચાલો બહુ દિન વિત્યા દુઃખકારી. ૫

મર્ણરૂપ રજની આવે છે સૂર્ય અસ્તની વાર નથી,
રહી જાશો તો રાન વ્યાઘ્ર જમ હાથ જવાનિ વિલંબ નથી;
સુસ્ત થવાનું કામ નથી મથી આવી આ ઉત્તમ વાર,
પંથી મન નિજ દેશે ચાલો બહુ દિન વિત્યા દુઃખકારી. ૬

ઇન્દ્રિય ઘોડા શરીર રથ છે ખીલજનારો તુજ ખરો,
અંતઃકરણ રૂપી સુલગામો સદ્ગુરૂ સારથિ હાથ કરો;
પછી ચલાવો પ્રેમ કરિ શિવ માર્ગે જ્યાં છે જયકારી,
પંથી મન નિજ દેશે ચાલો બહુ દિન વિત્યા દુઃખકારી. ૭

અજીતસાગર.

# શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી ગ્રન્થમાળાના–પ્રગટ થયેલ ગ્રન્થો.

| ગ્રન્થાંક. | પૃષ્ઠ. | કીં. રૂ. આ. પા. |
|---|---|---|
| ૦. ભજન સંગ્રહ ભાગ ૧ લો ... | ... ૨૦૮ ... ... | ... ૦—૮—૦ |
| ૧. અધ્યાત્મ વ્યાખ્યાન માળા ... | ... ૨૦૬ ... ... | ... ૦—૪—૦ |
| ૨. ભજન સંગ્રહ ભાગ ૨ જો ... | ... ૩૩૬ ... ... | ... ૦—૮—૦ |
| ૩. ભજન સંગ્રહ ભાગ ૩ જો ... | ... ૨૧૫ ... ... | ... ૦—૮—૦ |
| ૪. સમાધિશતકમ્* ... ... | ... ૩૪૦ ... ... | ... ૦—૯—૦ |
| ૫. અનુભવપચ્ચિશી× ... ... | ... ૨૪૮ ... ... | ... ૦—૮—૦ |
| ૬. આત્મ પ્રદીપ ... ... | ... ૩૧૫ ... ... | ... ૦—૮—૦ |
| ૭. ભજન સંગ્રહ ભાગ ૪ થો ... | ... ૩૦૪ ... ... | ... ૦—૮—૦ |
| ૮. પરમાત્મદર્શન ... ... | ... ૪૩૨ ... ... | ... ૦-૧૨—૦ |
| ૯. પરમાત્મજ્યોતિ ... ... | ... ૫૦૦ ... ... | ... ૦-૧૨—૦ |
| ૧૦. તત્ત્વબિંદુ ... ... | ... ૨૩૦ ... ... | ... ૦—૪—૦ |
| ૧૧. ગુણાનુરાગ (આવૃત્તિ બીજી) ... | ... ૨૪ ... ... | ... ૦—૧—૦ |
| ૧૨. ૧૩. ભજન સંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદીપિકા ... ... | ... ૧૯૦ ... ... | ... ૦—૬—૦ |
| ૧૪; તીર્થયાત્રાનું વિમાન (આવૃત્તિ બીજી) ... | ૬૪ ... ... | ... ૦—૧—૦ |
| ૧૫. અધ્યાત્મ ભજન સંગ્રહ ... | ... ૧૯૦ ... ... | ... ૦—૬—૦ |
| ૧૬. ગુરૂબોધ ... ... | ... ૧૭૨ ... ... | ... ૦—૪—૦ |
| ૧૭. તત્ત્વજ્ઞાનદીપિકા* ... ... | ... ૧૨૪ ... ... | ... ૦—૬—૦ |
| ૧૮. ગહુંલી સંગ્રહ ... ... | ... ૧૧૨ ... ... | ... ૦—૩—૦ |
| ૧૯. શ્રાવક ધર્મ સ્વરૂપ ભાગ ૧ લો ( આવૃત્તિ ત્રીજી. )* ... | ... ૪૦ ... ... | ... ૦—૧—૦ |
| ૨૦. ,, ,, ભાગ ૨ જો (આવૃત્તિ ત્રીજી) ... | ૪૦ ... ... | ... ૦—૧—૦ |
| ૨૧. ભજન પદસંગ્રહ ભાગ ૬ ઠો... | ... ૧૦૮ ... ... | ... ૦-૧૨—૦ |
| ૨૨. વચનામૃત ... ... | ... ૩૮૮ ... ... | ... ૦-૧૪—૦ |
| ૨૩. યોગદીપક ... ... | ... ૨૬૮ ... ... | ... ૦-૧૪—૦ |
| ૨૪. જૈન ઐતિહાસિક રાસમાળા... | ... ૪૦૮ ... ... | ... ૧—૦—૦ |
| ૨૫. અધ્યાત્મશાન્તિ ( આવૃત્તિ બીજી ) ... | ૧૩૨ ... ... | ... ૦—૩—૦ |
| ૨૬. આનન્દઘન પદસંગ્રહ ભાવાર્થ | ... ૮૦૮ ... ... | ... ૨—૦—૦ |
| ૨૭. કાવ્યસંગ્રહ ભાગ ૭ મો ... | ... ૧૪૨ ... ... | ... ૦—૮—૦ |
| ૨૮. જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ | ૯૬ ... ... | ... ૦—૨—૦ |
| ૦. કુમારપાળ ચરિત્ર ... ... | ... ૨૮૭ ... ... | ... ૦—૬—૦ |

*આ નીશાની વાળા ગ્રન્થો શીલક નથી.

**ગ્રન્થો નીચલા સ્થળોથી વેચાણ મળશે.**

૧. **અમદાવાદ**—બુદ્ધિપ્રભા ઑફીસ—ઠે. નાગોરીશરાહ.

૨. **મુંબાઇ**—મેસર્સ મેઘજી હીરજીની કું.—ઠે. પાયધુણી.

,, શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ—ઠે. ચંપાગલી.

૩. **પુના**—શેઠ વીરચંદ કૃષ્ણાજી—ઠે. વૈતાલ પેંઠ.

પ્રમાણિકતાથી પ્રજાનો સંપૂર્ણ વિશ્વાસ મેળવવામાં ફત્તેહ પામેલી

જુનામાં જુની  નામીચી પેઢી

# ધી રાજનગર જ્વેલરી માર્ટ!

કે જ્યાં છેલ્લામાં છેલ્લી લેટેસ્ટ ફેશનોના સોનાના અને ઝવેરાતના મશીનપોલીસ અને હેન્ડપોલીસ દાગીનાઓનો ગંજાવર જથ્થો તૈયાર રહે છે.

**મજુરી કાપી સોનાનાં પુરાં નાણાં પાછાં આપવાની**

લેખીત **ગેરંટી!** આપવામાં આવે છે.

ચાંદીની ફેન્સી ચીજોનો ગંજાવર જથ્થો રાખીએ છીએ.

માલની ગેરંટી, જુજ નફે મોટું વેચાણ તેજ સિદ્ધાંત!!!

મુંબાઇની જાણીતી પેઢીઓમાં લાંબા વખતના અનુભવી અને કેળવાયલા કારીગરોના હાથે અમારી પોતાની દેખરેખ નીચે માલ બને છે.

**ગ્રાહકોને હસ્તે મુખડે વિદાય કરવા તેજ અમારો મુદ્રા લેખ છે.**

## ધી રાજનગર જ્વેલરી માર્ટ.

**પ્રોપ્રાયટર—ઝવેરી ભોગીલાલ પુરૂષોત્તમદાસ.**

રીચીરોડ—અમદાવાદ.

## જૈન પ્રજા માટે એક નિર્ભય અને ભરૂસાપાત્ર ઠેકાણું !



## કે જયાં અગાડી



અપટુડેટ ફેશનના

# સોનાના! મસીન પૉલીસ દાગીનાઓ

## ની સેંકડો ફેશનોનો મોટો જથ્થો તૈયાર રહે છે !

અને નિર્ભય રીતે તદ્દનજ ચોખ્ખું અને સફાઈબંધ ફેન્સી કામ ઘરાકોના સોનાનું કીફાયત મજુરીથી અને ઘણીજ ઝડપથી વાયદેસર બનાવી આપવામાં આવે છે.

તૈયાર દાગીનાઓની **મજુરી કાપી** નાણાં પાછાં આપવાની **લેખીત ગેરંટી** મળે છે.

ઈંગ્લીશ જ્વેલરી, રોલ્ડગોલ્ડ જ્વેલરી, અને ચાંદીની સેંકડો ફેશનેબલ ચીજોનો જંગી સ્ટોક તૈયાર રહે છે. ખાસ વિલાયતથી આવેલા બીલીયાન કટના હીરાઓ, માણેક, પાના, વિગેરે ઝવેરાતનું કામ ઘરાકો અને વહેપારીઓનું સગવડ પડતી રીતે કરીએ છીએ.

## રૉયલ જ્વેલરી માર્ટ.

**પ્રોપ્રાયટર—ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી.**

૪૫૬ રીચીરોડ—**અમદાવાદ.**

# એક વધુ આગમાં ગોદરેજની તીજોરીની પરીક્ષા.

મીટસુ બુસેન કઈશા નામની એક મોટી જાપાની કંપનીની ઓફીસ મુંબઈમાં છે. એ ઓફીસ જ્યારે પેહેલાં મુંબઈમાં ઉઘડી ત્યારે ગોદરેજે પોતાની તીજોરી ખરીદવાની ભલામણ કરી હતી પણ સાહેબોના ધ્યાનમાં વાત ઉતરી નહિ અને વિલાતી અને જાપાની બનાવટની તીજોરીઓ ખરીદી.

એ કંપનીની એક શાખા કરાંચીમાં છે અને તે ઠેકાણે **ગોદરેજની** એક નહાની તીજોરી વપરાતી હતી. ચાર મહીના ઉપર કરાંચીની ઓફીસમાં આગ લાગી અને **ગોદરેજની** તીજોરીમાં ત્રીસ હજાર રૂપીઆની નોટો હતી તે સલામત મળી આવી અને તે ઉપરથી મુંબઈની ઓફીસે તુરતાતુરત અગીઆરસો રૂપીઆની એક મોટી **ગોદરેજની** તીજોરી ખરીદી.

આવી રીતે આગ થવા પછી કુવો ખોદાવવાનું કામ વાજબી કહેવાય નહીં. જો કે નાના મોટા બધાએ એવુંજ કરે છે. થોડા વખત ઉપર મુંબઈમાં ઇવટ લેધમની કંપનીની ઓફીસમાં મોટી આગ લાગી તે વખતે જાણીતા મોટા વિલાયતી મેકરની ચાર તીજોરી ઓ-ફીસમાં હતી અને તેનો જે અનુભવ સાહેબોને મળ્યો તે ઉપરથી આગ પછી ગોદરેજની મોટી સાત તીજોરીઓ અહીંની તેમજ કરાંચીની ઓફીસો માટે ખરીદવામાં આવી.

આવી રીતે ઘણાકો નુકસાન થયા પછીજ સાવચેત થાય છે. ઘણાકો પોતાને યા પાડોસીને ત્યાં ચોરી થવા પછીજ **ગોદરેજની** તીજોરી લેવા નીકળે છે. સર સાસુન જે. ડેવીડના જેટલી સાવચેતી થોડાકોજ રાખતા હશે. એઓએ જેવું જાણ્યું કે છેલ્લા વરસમાં મુંબઈમાં ઉપરાસાપરી આગો થઇ તેમાં જ્યાં જ્યાં ગોદરેજની તીજોરીઓ હતી ત્યાં ત્યાં જરાએ નુકસાન થયું હતું નહીં તેવું તરત પોતાની પાસની જાણીતા વિલાતી મેકરોની હજારોની કીંમતની પાંચ તીજોરીઓ લીલામથી વેચી નાંખવાનો ઠરાવ કરી તેની જગ્યાએ ગોદરેજની તીજોરીઓ ખરીદી.

હિંદુસ્તાન અને બરમાની સેવીંગ બેંકોના ચોપડા રાખવા માટે સરકારને થોડા વખત ઉપર ૩૭૨ ફાયરપ્રુફ તીજોરી જોઇતી હતી તે વખતે જુદા જુદા મેકરોની તીજોરીઓ આગમાં નાખી તપાસ કરી હતી અને ફક્ત ગોદરેજની તીજોરીમાં કાગળો સલામત હોવાથી અને બીજી તીજોરીમાં સઘળું બળી જવાથી ૩૭૨ તીજોરીઓનો ઓર્ડર ગોદરેજને આપવામાં આવ્યો હતો.

**કારખાનું:—ગેસ કંપની પાસે, પરેલ, મુંબઈ.**

**શાખા—રીચીરોડ—અમદાવાદ.**